Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 21 - Issue : 11

August, 2017



## વિરોધી સાથે નમ્રતાથી વર્તીએ

ધર્મ તો આપણી પાસે એવી અપેક્ષા રાખે છે કે કોઈ આપણો વિરોધ કરે, ત્યારે આપણે ધીરજ ન ખોઈ બેસીએ, અને જેમની સાથે આપણને વિરોધ થાય તેના પ્રત્યે પણ આપણે નમ્રતાથી અને આધ્યાત્મિક વૃત્તિથી વર્તીએ.

- શ્રીમોટા

'જીવન સંદેશ, બી. આ., પૃ. ૨૬૭



- અનંતકોટિ સૂર્યોની પ્રભાવાળા સર્વજ્ઞ, સર્વક્ષમ યોગીને સિદ્ધ કહેવામાં આવે છે.
- માણસને પોતાનાં જ કર્મનું-કર્મભાવનું ફળ મળે છે.
- શ્રીગુરુની આવશ્યકતા બંધુ, મિત્ર, પત્ની કે પુત્ર કરતાં પણ વિશેષ છે.
- શ્રીગુરુ સંપૂર્ણપણે તમારા છે, તમે જ હજુ પૂરેપૂરા એમના થયા નથી.
- શ્રીગુરુ તમારાથી સહેજ પણ દૂર નથી. ઊલટું, તમે જ એનાથી દૂર છો.
- સંતાન ઉપર માતાનું ઘણું મોટું ઋણ હોય છે.

- સ્વામી મુક્તાનંદ



*'ચિત્શક્તિ વિલાસ', આવૃત્તિ ૫ માંથી સાભાર*

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૧ અંક : ૧૧ ઓગષ્ટ, ૨૦૧૭

ટ્રસ્ટીમંડળ
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા
Mo. / SMS / Whatsapp - 9427554391

વાર્ષિક લવાજમ
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (એરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
www.hariommota.org ઉપર
હરિભાવ ઉપલબ્ધ હોય છે.
ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪

## અનુક્રમ

૧. ભજનનો અર્થ ................................ શ્રીમોટા ૪
૨. મોટાને મારે કેટલુંક પૂછવું છે !............ ડૉ. રમેશ ભટ્ટ ૬
૩. મૌનમંદિર : માનવીની મોટી સેવા ............... શ્રીમોટા ૮
૪. ઉત્તમ દાન .................................. શાહાજી ૯
૫. 'પિતા' એ જ ગુરુ : સ્વામી રામદાસ...... રમણલાલ સોની ૧૧
૬. નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન (૮) ............ ............................ સ્વામી પ્રેમાનંદ સરસ્વતી ૧૨
૭. દાન-પ્રાયશ્ચિત સ્વરૂપે ......................... શ્રીમોટા ૧૪
૮. શ્રીમોટાનું રખોપું : એક અનુભવ ......... પ્રભુદાસ જાની ૧૫
૯. શ્રીદાસાનુદાસ : જીવનરેખા (૩) .......... ડૉ. રમેશ ભટ્ટ ૧૭
૧૦. શ્રીમાતાજી : સંક્ષિપ્ત જીવનચરિત્ર (૩) ... અનુ. કિરીટ ઠક્કર ૧૯
૧૧. પૂજ્ય શ્રીમોટાનો સંપર્ક કરાવનાર સદ્‌ગત પિતાશ્રીને કોટિ પ્રણામ ........................ ડૉ. અનિલ રાવલ ૨૧
૧૨. દુર્લભ-દુર્ગમ-શ્રીસદ્‌ગુરુ ........................ શ્રીમોટા ૨૩
૧૩. નારી જીવન ધન્ય જીવન ! ..................... શ્રીમોટા ૨૪
૧૪. સોનાથી પણ વધુ કીમતી એક પોટલું ....રસિકલાલ વૈષ્ણવ ૨૫

## જ્ઞાનદાન

પૂજ્ય શ્રીમોટાના ઊંઝા (ઉ.ગુ.)ના સદ્‌ગત સ્વજન ડૉ. વાસુદેવ જગન્નાથ રાવલના સ્મરણાર્થે તેમના સુપુત્ર ડૉ. અનિલભાઈ દ્વારા 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં સદ્‌ભાવપૂર્વક સહયોગ અપાયો છે. તે બદલ એ સમગ્ર પરિવારના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

—સંપાદક

## (૧) ભજનનો અર્થ

શ્રીમોટા

એક ભાઈએ મને સવાલ કર્યો કે 'ભગવાન ખુશામતખોર હોય તો એનો શો ખપ?' મેં કહ્યું : 'ભજન કરવું એટલે ખુશામત કરવી એમ થાય?' તો કહે 'હા !' તો મેં કહ્યું : 'તમે ન કરશો.' **ભગવાનનું ભજન કરવું એટલે રાગદ્વેષ મોળા પાડવા, ક્રોધ ન કરવો, બધાં પ્રત્યે સદ્‌ભાવ રાખવો** અને સકળ કંઈ બ્રહ્મસ્વરૂપ છે તે બધાં જ ભગવાનનાં સ્વરૂપ છે તો કોના તરફ ગુસ્સો કરવો ? એટલે સમતા કેળવીએ, સદ્‌ભાવ રાખીએ અને એવી રીતે વર્તીએ એનું નામ ભજન છે; બાકી, એકાદ કલાક નામ દઈએ અને પછી ગમે તેમ વર્તીએ એનું નામ ભજન નહિ. આપણે જે કંઈ કરીએ તે બધાં મળેલાંની સલાહ લઈને કરીએ અને મનસ્વીપણે ન કરીએ. જેટલું કામ પ્રેમથી, સહકારથી કરીશું, મન મેળવી કરીશું તેમાં બરકત રહેશે. પણ જો એમ કરીશું નહિ તો મનમેળ થતો હશે તો પણ નહિ થાય અને એમ ચેતનથી આપણે દૂર થતાં જઈશું.

એટલે સંસારમાં જેની સાથે સંકળાયા છીએ તેની સાથે મેળ રાખીને વર્તીએ તો પણ ભગવાનનું ભજન જ છે; માટે કૃપા કરીને આટલું તો જરૂર કરજો. દિલનો મેળ, એ બહુ મોટી વાત છે. એનાથી આપણું અનેક પ્રકારનું હિત થાય છે; પૈસાથી તો થાય જ, પણ એકબીજાને સ્વભાવથી જે ત્રાસ-મુશ્કેલીઓ થાય છે તે પણ નહિ થાય. જો તમે એટલું પણ નહિ કરો તો મારી સાથે જે સંબંધ રાખો છો તેનો પણ કશો અર્થ નથી; એટલે તમે બધાં સાથે મેળ નહિ રાખો તો પંચાત પડશે. માટે સંસારના, જીવનવહેવારના ક્ષેત્રમાં, કમાવાના ક્ષેત્રમાં આટલું તો જરૂર શીખજો. મેળ રાખવો એ મુખ્ય વસ્તુ છે. એમાં નીચા જવાની વાત જ નથી. ભાઈ ભાઈને માટે, સ્વજનને માટે પ્રેમ રાખવામાં નીચા જવાનું છે શું ? થોડી ધીરજ નથી રાખતા ? દરેક કોયડાના ઉકેલ છે અને આ હકીકત કોઈ એકને કહેતો નથી; બધાંને કહું છું. દરેક કાર્ય બધાંની સંમતિ લીધા વિના, મેળ મેળવ્યા વિના કરશો નહિ. જેમ મેળ મેળવવાની વાત સંસાર વહેવારની ખપની છે તે પ્રમાણે આપણામાં પાંચ કરણો છે—મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્. એ દરેક સાથે મેળ રાખીએ પણ એની સાથે મેળ રાખવો બહુ મુશ્કેલ; કારણ, એ દરેક (મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્) જુદી રીતે વિચારે છે. એ બધાં પાંચે અંદર આપસમાં લડતાં હોય છે. એનો મેળ મેળવવા માટે ભગવાનનું ભજન જ એક સાધન છે. એના વડે કરીને જ આપણી બધી વૃત્તિઓનું રૂપાંતર થઈ શકે છે.

ભગવાન એટલે અંતર્યામી, સ્થળકાળનો જેને ભેદ નહિ, બધાંમાં હોવા છતાં નોખો. દૂધમાં જેમ મેળવણ નાંખો તો દહીં થાય તેમ જો સંસારમાં એનું મેળવણ કરતા રહો તો સદ્‌ભાવ અને સુખ મળશે. કોઈએ મને આજ સુધીમાં એમ કહ્યું નથી કે મને સંસારમાં સુખ છે. દુઃખ જાતે ઊભું કરીએ છીએ. માનવીને અહમ્ એવું જાગે કે બીજાંને ગણકારે નહિ. માટે જેની સાથે આપણાં લટિયાં ગૂંથાયેલાં છે તેની સાથે ભેગાં

રહો, આ એક-બે જણને લાગુ નથી પડતું, પણ દરેકને લાગુ પડે છે. મારા ગુરુમહારાજે, મને કહેલું કે, 'સંસારવહેવારમાં પૃથ્વી પર પગ રાખીને વાત કરજે. સૂક્ષ્મ વાતોથી બધાંને લાભ ન થાય; આ સંસારમાં એ બધાં સુખી થાય એવી વાત કહેજે. એમાં એમનું ભલું થશે.' માટે તમને કહું છું મેળ મેળવશો તો સુખી થશો. એટલે મેળ મેળવવો અને રાખવો; ભગવાનની સાથે એવો મેળ રાખો. તો કહે : 'એ તો રાખતો નથી.' એ હવા, પૃથ્વી, જળ અને તેજ આપે છે કે નહિ ? અને આ સકળ બ્રહ્માંડ સર્જેલું છે તે આપણે માટે છે. દરેક માબાપ પોતાનાં છોકરાં માટે કંઈક મૂકી જાય છે, સંસારમાં આ હકીકત છે. તેમ જ ભગવાને આ બ્રહ્માંડમાં બધું મૂક્યું છે. આપણે માટે એ તો અમૃતના સાગર છે. તો સુખી થવું હોય તો એક જ ચાવી છે કે મેળ મેળવવો અને મેળ રાખવો.

'મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા', બી.આ. ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

—સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | ડૉ. અનિલ રાવલ (સદ્‌ગત પિતાશ્રી વાસુદેવ જગન્નાથ રાવલના સ્મરણાર્થે (જ્ઞાનદાન) | ઊંઝા | ૧૧,૧૧૧ |
| ૨. | નિરંજન સી. પટેલ (સદ્‌ગત માતુશ્રી ચંદ્રમણિબહેન ચંદુલાલ પટેલની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે | નડિયાદ/અમેરિકા | ૧૧,૦૦૦ |
| ૩. | ચંપાબહેન ચંદ્રવદન મોદી (સદ્‌ગત જીવનસાથી ચંદ્રવદન ડાહ્યાભાઈ મોદીની ૯મી પુણ્યતિથિ નિમિત્તે | સુરત | ૫,૦૦૧ |
| ૪. | મદનસિંહ શંકરસિંહ રાઠોડ (ચિ. પુત્ર મનોહરસિંહને સર્વિસ મળી તે નિમિત્તે) | અમરાપુર/માણસા(ગ્રામભારતી) | ૫,૦૦૦ |
| ૫. | એક સ્વજન | કડી | ૨,૦૦૦ |
| ૬. | શાંતિલાલ નરસિંહભાઈ પટેલ (જન્મ તા. ૬-૫-૪૦ અને ગુરુપૂર્ણિમા નિમિત્તે) | અમદાવાદ | ૨,૦૦૦ |
| ૭. | કૈલાસબહેન (સદ્‌ગત જીવનસાથી હર્ષદભાઈ પટેલના સ્મરણાર્થે | ઈસનપુર | ૧,૧૦૦ |
| ૮. | તૃપ્તિ જાની (એગ્રો ઈન્વેસ્ટમેન્ટ પ્રા.લી.) | મુંબઈ | ૧,૦૦૨ |
| ૯. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦ |
| ૧૦. | પરેશભાઈ (સદ્‌ગત પિતાશ્રી હર્ષદભાઈ પટેલના સ્મરણાર્થે) | ઈસનપુર | ૧,૦૦૦ |
| ૧૧. | એમ. એમ. ભટ્ટ (ગુરુપૂર્ણિમા નિમિત્તે) | નડિયાદ | ૫૦૦ |
| ૧૨. | વેન્સીકુમારી આર. પટેલ | ભાટલાઈ/સુરત | ૨૦૧ |
| ૧૩. | કુન્દનબહેન નાથાલાલ પ્રજાપતિ | વડોદરા | ૨૦૧ |
| ૧૪. | હેતલ જયંતીભાઈ જાની (જન્મ તા.૨૯-૮) | અમદાવાદ | ૨૦૧ |

ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - **સંપાદક**

## (૨) મોટાને મારે કેટલુંક પૂછવું છે !

**ડૉ. રમેશ ભટ્ટ**

તા.૨૪-૧૧-૧૯૬૭ની નિશ્ચિત કરેલી તારીખે વહેલી સવારે મોટા અમારા નિવાસે પધાર્યા. પરિવારના સભ્યોની મેં મોટાને ઓળખાણ આપી. પછી મોટા તો કમરપટ્ટો કાઢીને પલંગમાં સૂતા અને છાપું લઈ વાંચવા લાગ્યા.

મેં નંદુભાઈને પૂછ્યું કે 'મોટા છાપુ ક્યારે વાંચી લેશે ? મારે એમને કેટલુંક પૂછવું છે.' નંદુભાઈએ મને કહ્યું, 'તમે તમારે પાસે જઈને પૂછોને, મોટા સામેથી તમને નહિ કહે.' પછી મારી વિનંતીથી નંદુભાઈએ મોટાને કહ્યું કે આ ભાઈને તમારી સાથે વાત કરવી છે. આ સાંભળી મોટાએ છાપું વાળીને બાજુ ઉપર મૂક્યું અને મને કહ્યું, 'મને બેઠો કરશો ?' મેં એમને બંને ખભાની નીચે હાથ મૂકીને ખેંચીને બેઠા કર્યા. મોટા પલંગમાં બેઠા થયા. હું નીચે એમના પગ પાસે બેઠો.

મેં પહેલો પ્રશ્ન પૂછ્યો—'ચેતના એટલે શું ? ચેતનાનું રૂપાંતર થાય તો શું થાય ?' મેં શ્રીઅરવિંદનું લખાણ વાંચ્યું છે, પણ કેટલાક શબ્દો સમજાયા નથી, તો સમજાવશો ?

**મોટા :** 'ભાઈ, આવું બધું જાણવાની શી જરૂર છે ? ખરેખર તો આપણને અંતરમાંથી થતી મૂંઝવણ ઊકલતી ના હોય તો એના વિશે પૂછવું હોય તો પૂછો અને મને સમજાય એટલું સમજાવું. તમે તો શ્રીઅરવિંદનાં પુસ્તકો વાંચ્યાં હોય. પ્રોફેસર છો એટલે વિદ્વતાભર્યા પ્રશ્નો પણ પૂછો. એના કરતાં તમને પોતાને મૂંઝવતી કોઈ વાત હોય તો પૂછો.'

મોટાની આ વાત સાંભળીને મને મનોમન થયેલું કે મોટા, મારા પ્રશ્નને ટાળે છે. પણ મોટાએ જે પ્રેમભાવથી મને કહ્યું હતું એથી હું નિરાશ થયો ન હતો.

પાછલાં ઘણાં વર્ષોથી મને મૂંઝવતો પ્રશ્ન આંતરિક અશાંતિનો અને કામવૃત્તિવેગના-વિષયના રસનો હતો. અન્ય સ્ત્રીને જોતાં ઘણીવાર જાગતા વિષયરસને કેવી રીતે જોગવાય ? એવા પ્રશ્નો મેં અગાઉ ઘણાને પૂછેલા. કેટલાક મહાત્માઓ કહેતા કે 'સ્ત્રીમેં અપની મા-બહન દેખો', પણ આમ બોલવા જેટલું આચરણ સહેલું લાગતું ન હતું. એથી વિશેષ તો એવો ભાવ જ ધારણ થતો ન હતો. વળી, એવો ભાવ ધારણ કરવાનું મન પણ થતું ન હતું. આથી મને આ મથામણનો ઉકેલ જડતો ન હતો.

મેં યુક્તિપૂર્વક મોટાને આ રીતે પ્રશ્ન પૂછ્યો, 'આપ કોઈ આકર્ષક સ્ત્રીને જુઓ, એ આપની પાસે આવે અને આપ એને સ્પર્શ કરો તો આપને કેવી લાગણી થાય ?'

મોટાએ અત્યંત સાહજિકતાથી કહ્યું, 'તમને થાય છે તેવી જ.'

આ ઉત્તરથી હું તો હેબતાઈ ગયો. મેં તરત જ સામો પ્રશ્ન કર્યો, 'તો પછી અમારામાં અને તમારામાં ફેર શો રહ્યો ?'

**મોટા :** 'હા. એ વાત ખરી. તમને સમજાવું. તમે વૃત્તિના ગુલામ છો અમે એના સ્વામી છીએ. વળ ચડાવેલું દોરડું તમે જોયું છે ને ? એ કેટલું બધું મજબૂત હોય છે ? અને એ દોરડું બળેલું હોય અને એના વળ દેખાતા હોય તો એ વળની-દોરડાની તાકાત કેટલી ?'

મેં કહ્યું, 'બિલકુલ નહિ.'

**મોટા :** 'બસ. તમારામાં અને અમારામાં આટલો જ ફેર. તમારામાં વૃત્તિ સજ્જડ જોર

મારતી હોય અને અમારામાં વૃત્તિ કશી પણ અસર પાડ્યા વિના પસાર થઈ જાય.'

મેં પૂછ્યું, 'તો મારામાંથી એ જોશ ઓછું થાય ?'

**મોટા :** થાય. પણ હું તમને એની ખાસ વાત સમજાવું. આ તો સ્થૂળ કામાદિ છે. કામ, ક્રોધ, લોભ, મોહ—આ બધાં સંકળાયેલાં છે. આ બધી વૃત્તિઓ આપણામાં છે. આવી વૃત્તિઓ સ્વરૂપ અને પ્રકારભેદથી ઊર્ધ્વ જીવનમાં સૂક્ષ્મ બને છે. પછી તો સૂક્ષ્મતમ બને છે ત્યારે એના ઉપર વિજય મેળવવો દોહ્યલો હોય છે. આ સ્થૂળ કામવૃત્તિ છે. વળી, શરીર હોય ત્યાં સુધી વૃત્તિઓ રહે છે. પરંતુ જીવનનો ઉચ્ચ હેતુ સ્પષ્ટ થાય અને એ માર્ગનો રસ વધતો જાય તથા એ મુજબ જીવવાનો પુરુષાર્થ થાય પછી એ બધી વૃત્તિઓ મોળી પડે; પણ કોઈ કહે કે એ વૃત્તિ મરી જાય, તો એ વાત ખોટી. માત્ર એની તાકાત ઘટે.

મેં પૂછ્યું, 'પણ આ વૃત્તિ આમ તો યોગ્ય તો ના જ ગણાય ને ?'

**મોટા :** બધા જ પ્રકારની વૃત્તિઓ શક્તિરૂપ છે. કશું અમસ્તું નથી. દરેકનું મહત્ત્વ છે. કામવૃત્તિને કે કોઈ પણ વૃત્તિને ખરાબ ગણીને તિરસ્કાર કરવાથી તો એ જ વૃત્તિનો સંસ્કાર દૃઢ બને. વળી, કામવૃત્તિને સમસ્યા તરીકે પણ ના લેખવી. આ બધું કુદરતી છે. આપણા અનેક પ્રકારના સંસ્કારોનું પરિણામ છે. આપણા જીવનમાં આનો પણ ઉપયોગ છે. બધું એના સ્થાને યોગ્ય પ્રમાણમાં હોય તો બધું બરાબર છે.

મોટાએ સમજાવેલી વાતથી મારું મન સમાધાન પામતું હતું. મેં પૂછ્યું, 'અન્ય સ્ત્રી પ્રત્યે વિકારવૃત્તિ અનુભવાય એ શું યોગ્ય ગણાય ?'

**મોટા :** આપણામાં જે કંઈ જાગે છે એ આપણા જ ચિત્તમાં કોઈક કોઈક સમયે અજ્ઞાત રીતે પડેલા સંસ્કારોનું પરિણામ છે. એમાં કોઈ પણ બીજી વ્યક્તિ નિમિત્ત બનેલી હોય છે. પાંચ-છ બહેનો સાથે બેઠી હોય, એમાં આપણી મા, બહેન, પત્ની, માસી વગેરે હોય તો આપણને બધી જ સ્ત્રીઓ માટે વિષય-વિકાર નથી જાગતો. એટલે સ્ત્રીને જોવાથી જ વિષયવૃત્તિ જાગે છે એવું નથી. આથી, જ્યારે પણ આવો સંસ્કાર જાગે ત્યારે એને આપણાથી ભોગવાય નહિ તેમ જ એને ટેકો પણ ના અપાય. એવે સમયે ભગવાનના શરણે જઈ, એને નિવેદન કરી, તટસ્થ રહીને એને પસાર થવા દઈએ. આ કામ સાધનાથી બની શકે. માત્ર એવો વિચાર કરવાથી બની ના શકે. પરણેલાં સ્ત્રી-પુરુષ વચ્ચે વિષયભોગની છૂટ છે, પણ એમાંય મર્યાદા છે. બંને જણાંએ જીવનનો વિચાર કરીને ગોઠવવું જોઈએ. હવે બીજું પૂછવું હોય તો પૂછો.

મારો બીજો પ્રશ્ન એ હતો કે હું શાંતિ ચાહું છું, પણ શાંતિ અનુભવાતી નથી. બહારથી હું શાંત રહું, ક્રોધ ના કરું, પણ મહીંથી બળ્યા કરતો હોઉં છું. અંદર ને અંદર ચીડ ચડ્યા કરે છે. અંદરથી શાંત કેવી રીતે થવાય ?

**મોટા :** જો આપણને અશાંતિમાં રહેવું પસંદ ના હોય, આપણામાંની અશાંતિ આપણને ડંખતી હોય તો એ અશાંતિનું કારણ આપણામાં જ છે એ આપણે શોધવું જોઈએ.

મોટાની આ વાતનો મર્મ મારી સમજમાં ના ઊતર્યો. એટલે મેં તો તરત જ કહ્યું, 'હું તો શાંત જ રહેવા માંગુ છું, પણ બીજાઓના વહેવારો મને અશાંત કરે છે. ખોટી ખોટી રીતે કલેશ-ટંટા થાય છે એમાં આપણે કારણભૂત કેવી રીતે ગણાઈએ ?'

**(અનુસંધાન પૃ.૧૩ ઉપર)**

## (૩) મૌનમંદિર : માનવીની મોટી સેવા

**શ્રીમોટા**

અમારા ગુરુમહારાજના હુકમથી મૌનરૂમોની જે ટેક્નિક ઊભી કરી છે, તે એક પ્રકારની સેવા છે. માનવીનું-મનુષ્યનું જીવન એક તલભાર પણ ઊંચું પ્રગટે તો મોટામાં મોટી સેવા છે. મૌનમંદિરની અંદર જે ભાવ પ્રગટે છે તેનો સૂક્ષ્મ સંસ્કાર પ્રગટે છે. એ ભાવ અને એનાથી પડતા સંસ્કાર, હજારો રૂપિયા ખર્ચવાથી પણ ન મળે. મારા ગુરુમહારાજે કહ્યું છે, 'જીવોની ગતિ કંઈ ઊંચી થાય, મનની ગતિ કંઈ ઊંચી થાય, કંઈ અભિરુચિ સારી પ્રગટે તો એ ઊંચા પ્રકારની સેવા છે.' સેવાનો અર્થ છે સુખ પામવું અને પ્રસારવું. શાંતિ વગર સુખ પ્રગટે નહિ. જો મન દ્વિધાવાળું કે દગ્ધ હોય તો સુખ મળે નહિ. એટલે સુખ મનની શાંતિ-પ્રસન્નતાથી જ મળે છે, એટલે જેનાથી મનની શાંતિ-પ્રસન્નતા કેળવાય તે ઊંચા પ્રકારની સેવા છે.

ગુરુમહારાજે હુકમ કર્યો કે, 'જેનાથી માનવીમનને ઊંચી દિશામાં લેવાપણું બને એવી પ્રવૃત્તિ કર. પોતે પોતાનું પૃથક્કરણ, સંશોધન, પ્રાર્થના અને અનુષ્ઠાન કરી શકે એવું બનાવ. એ માટે જીવોને અંદર પૂરી દે.' એટલે ગુરુમહારાજની કૃપાથી જીવના હિતને ખાતર આ મૌનમંદિર બનાવ્યું છે. અમારે પ્રખ્યાતિ જોઈતી નથી, કારણ કે પ્રખ્યાતિ તો મળ જેવી દુર્ગંધવાળી છે. એમાં ટોળાં મળશે, એમાં કોઈને સુખ ન મળે. ટોળાં કોઈને જંપ ન વળવા દે. એટલે લોકોના હિત ખાતર આ બનાવ્યું છે અને અંદર બેસનાર જીવની મનની સ્થિતિ કેવી થાય છે, તે તો અંદર બેસનાર જ સમજી શકે. એટલે મારી તમને પ્રાર્થના છે કે બીજા કોઈ ક્ષેત્રની જેમ અહીં મદદ કરો. આ હું તમને સમજાવી શકું છું.

વિનોબાજી કહે છે કે, 'તમારા મનની સ્થિતિ ઊંચી નથી, ભાવના વધી નથી ત્યાં સુધી સેવા સાચી ન નીવડે. તમે સાત્ત્વિક પ્રકૃતિના ન હો, તો જ્યાં તમે સેવા કરશો ત્યાં ભેદ જગાડશો. પ્રકૃતિ સામ્ય દશાવાળી ન હોય, ભેદ ગયો ન હોય, તો જ્યાં જશો ત્યાં ભેદ વધારશો.'

વળી, આ સાધન કોઈ સંપ્રદાયનું નથી. એમાં કોમનો પણ ભેદ નથી. બ્રાહ્મણ, વૈશ્ય, શૂદ્ર ગમે તે બેસી શકે. નડિયાદના આશ્રમમાં હરિજનને બેસાડવાનો પ્રશ્ન આવ્યો ત્યારે કોઈ કહે, 'પછી બીજા નહિ બેસે.' ત્યારે અમે કહેલું કે 'અરે ! જ્ઞાનમાં ભેદ ન હોય, ભેદ હમેશાં દુઃખનું કારણ છે. એ તો જેને બેસવું હશે તે બેસશે, કારણ કે ગુરુમહારાજનો હુકમ છે કે ભેદ ઘટાડવા.'

ઘર્ષણ ઘટે તે સેવા, વધે તે દુઃખ. સેવાથી તો મનમાં સહિષ્ણુતા પ્રગટવી જોઈએ. મનમાંથી રાગદ્વેષ ઘટે તો જ ભેદ ઘટશે, નહિ તો નહિ. એ મોળા પડ્યા સિવાય ભેદ ઘટે નહિ. રાગદ્વેષ ઘટાડવા બળ પ્રગટે એવી વૃત્તિ થાય તો બને. એ માટે ભગવાનનું સ્મરણ એ એક ઉપાય છે. એનો પ્રયોગ કરી જુઓ. આ કલ્પનાની વાત નથી, અનેક સાધુ પુરુષોએ પ્રયોગ કરીને સિદ્ધ કરેલી આ હકીકત છે.

'જીવનપગરણ', બી.આ., પૃ. ૧૪૩ ❑

## (૪) ઉત્તમ દાન

શાહજી

જૈનોનું પવિત્ર તીર્થધામ શત્રુંજય છે. ભગવાન આદિનાથનાં ત્યાં બેસણાં છે-જૈન ધર્મનું આ ખૂબ જ પવિત્ર સ્થળ છે. પર્વત ઉપર ચઢતાં ભીમકુંડવાળી આવે છે. આ કુંડની પાછળ એક સરસ સ્વાર્પણ ભાવના, પ્રભુ પ્રત્યેના ઊંડા પ્રેમની કથા છે.

ટીમાણા નામે એક નાનકડું ગામ સૌરાષ્ટ્રમાં આવેલું છે. ત્યાં ભીમ નામે એક ગરીબ વણિક રહે. તેને કોઈ પણ પ્રકારનો લોભ ન હતો. તે ખૂબ જ સંતોષી જીવ હતો. જીવનનિર્વાહ ચલાવવા માટે તે ઘીનો વેપાર કરતો. એનો નફો ખૂબ જ ઓછો રહેતો. પ્રામાણિકતાથી એ જીવન પસાર કરતો. સદ્ભાગ્યે એની પત્ની પણ સંતોષી હતી. બન્ને ધર્મમય જીવન જીવતાં. સદાચરણ એમના જીવનમાં મહત્ત્વનું હતું. હૃદય લોભ, તૃષ્ણાવિહિન હતું. ખૂબ જ શાંતિભર્યું જીવન તેઓ જીવતાં. આ વેપારી બાજુના મોટા ગામ કુંડલામાંથી ઘી ખરીદે. આજુબાજુના ગામોમાં તે ખૂબ જ ઓછા નફે વેચે. એનું નામ પ્રામાણિક વેપારી તરીકે આખા પંથકમાં જાણીતું બન્યું હતું.

એક વખત ભીમ શેત્રુંજય તીર્થના દર્શને આવ્યો હતો. એ સમય વિ.સં. ૧૨૩૧ની સાલનો હતો. શેત્રુંજય તીર્થના મુખ્ય જિનાલયનો મહાઅમાત્ય વાહડે જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. એની એ દિવસે પ્રતિષ્ઠા હતી, ભીમના હૃદયમાં પણ પ્રભુભક્તિની ઊંડી ભાવના હતી. તે ખૂબ જ ગરીબ હોવા છતાં હૃદયનો ઘણો ઉદાર હતો. પ્રભુપૂજા ખૂબ ઉમંગથી અને પ્રેમથી કરવાની તેની ભાવના હતી. તે આગલા દિવસના ધંધામાંથી એક રૂપિયો અને સાત દ્રમ કમાયો હતો. તેણે એક રૂપિયામાં પ્રભુ માટે ફૂલો ખરીદ્યાં અને ખૂબ ભાવથી પ્રભુપૂજા કરીને અંતરના આનંદ સાથે પ્રભુને ફૂલો ચઢાવ્યાં.

ભવ્ય મહોત્સવ થઈ રહ્યો હતો. ભીમની ઈચ્છા મંત્રીશ્વર વાહડનાં દર્શન કરવાની હતી. તે મંત્રીશ્વરના તંબુ પાસે ઊભો હતો. તેની સ્થિતિ ચીંથરેહાલ હતી. તે ખચકાતો હતો. તેના મનમાં અનેક વિચારો આવતા હતા. મંત્રીશ્વર વાહડ કેવા સદ્ભાગી, પુણ્યશાળી કે આ મહાન તીર્થના જિનાલયનો જીર્ણોદ્ધાર એ કરાવી શક્યા. આવી મહાન વ્યક્તિનાં દર્શન કરીએ તો પણ પાપ દૂર થાય, તે નમસ્કાર મંત્ર સ્મરણ કરતો કરતો તંબુની બહાર થોડે દૂર ઊભો રહ્યો. એટલામાં મંત્રીશ્વર વાહડ બહાર નીકળ્યા. તેઓએ ભીમને જોયો. ભીમે બે હાથ જોડી વંદન કર્યા. ભીમને જોતાં જ એમના હૃદયમાં એના પ્રત્યે  ભાવ જાગ્યો. તેઓએ તેને બોલાવ્યો અને પોતાની સાથે પોતાના તંબુમાં લઈ ગયા. સ્નેહભર્યો સત્કાર કર્યો. સાધર્મિક ભાઈ હતો. મંત્રીશ્વરે સ્નેહભરી રીતે પૂછ્યું, 'ભાઈ, આપ ક્યાંથી આવો છો ?'

ભીમે કહ્યું, 'મંત્રીશ્વર આપ એક ખૂબ મહાન કાર્ય કરી રહ્યા છો. આમાં લોકો હૈયાના ઉમળકાથી જે કંઈ આપે તે ઓછું છે. આ કામમાં મારી ઈચ્છા કંઈક આપવાની છે. ગઈકાલની કમાણી એક રૂપિયો સાત દ્રમની હતી. તેમાંથી પ્રભુપૂજા માટે એક રૂપિયાનાં પુષ્પો મેં ખરીદ્યાં. મારી પાસે મારી પ્રામાણિક કમાણીના સાત દ્રમ છે. આ ખૂબ જ નાની રકમ છે. હું ખૂબ ગરીબ છું. મારી ઈચ્છા આ રકમ આપવાની છે, આપ સ્વીકારશો ?'

'ભાઈ, પ્રભુભક્તિમાં ગરીબ કે પૈસાદાર જોવાતું નથી. નાની રકમ કે મોટી રકમનો ભેદ પણ ન હોઈ શકે. આ રકમ ખૂબ પ્રેમથી હું સ્વીકારું છું. આ નાની રકમ અમારા માટે સર્વશ્રેષ્ઠ છે. ભાઈ ભીમ, તમે મારા સધાર્મિક ભાઈ છો. તમારી નાની રકમ અમારે મન

ખૂબ જ મોટી છે. તમારું સન્માન અમારે કરવું છે.' મંત્રીશ્વર, હું બહુ નાનો માણસ છું, મારે કંઈ સન્માન જોઈતું નથી. હું સન્માન થાય એમ ઈચ્છતો નથી. મંત્રીશ્વર આ ગરીબ માણસનો ભાવ જોઈ ખૂબ જ પ્રભાવિત બન્યા. આ માણસે પોતાની બધી મૂડી દાનમાં આપી હતી. મંત્રીશ્વરે મળેલી ટીપમાં પ્રથમ નામ ભીમા કુંડલિયો મૂક્યું હતું.

મંત્રીશ્વરને થયું કે ભીમાનું સન્માન કોઈ પણ રીતે કરવું જ. તેઓએ એના માટે ત્રણ રેશમી વસ્ત્રો અને પાંચસો દ્રમ મંગાવ્યા અને ખૂબ પ્રેમપૂર્વક ભીમાને આપવા માંડ્યા. ભીમે બે હાથ જોડીને હસતા મોંએ કહ્યું, 'મંત્રીશ્વર તમારો મારા માટે ખૂબ સદ્ભાવ છે એ હું સ્વીકારું છું, હું તમારો ઋણી છું. આ ભેટ હું સ્વીકારી શકતો નથી. મને ક્ષમા કરશો.' 'ભીમા...પાટણના મંત્રીશ્વરનો હાથ પાછો ઠેલાય એ બરાબર નથી. આપ આ સ્વીકારીને મને ઉપકૃત કરો.'

'મંત્રીશ્વર...ખોટું ન લગાડતા, દુઃખી ન થશો, હું આ ભેટ નહિ સ્વીકારી શકું. નાશવંત સંપત્તિના લોભમાં હું મારું પુણ્ય વેચી ના શકું. તમે પૂર્વભવમાં ખૂબ જ પુણ્ય કર્યું હશે જેથી આજે આ સ્થિતિમાં છો, તમે નવું પુણ્ય પ્રાપ્ત કરી રહ્યા છો.'

મંત્રી વાહડ ખૂબ પ્રસન્ન થયા. મંત્રીશ્રીએ તેને પાનબીડું આપીને સન્માન કર્યું. ભીમો કુંડલિયો ઘેર આવ્યો. તેની પત્ની ખૂબ ખુશ હતી. પત્નીએ કહ્યું, 'સાંભળ્યું ? આજે આપણા પર ભગવાનની કૃપા થઈ, આપણને ચાર હજાર સોનામહોરો મળી.'

'એમ ! કેવી રીતે મળી ?'

'ઘરની ગમાણ હતી ને ?'

'હં... વાત આગળ કર.'

'તેનો એક ખીલો ઢીલો પડી ગયો હતો, તેથી તે ખીલો કાઢી નવો નાખવાનો વિચાર કર્યો. જૂનો ખીલો કાઢતાં જ અંદરથી ચાર હજાર સોના-મહોરોનો ચરુ નીકળ્યો. જુઓ આ રહ્યો.'

'વાહ ! મારા પ્રભુની કૃપા અનહદ છે. પ્રભુ, તારી લીલા અપરંપાર છે. એક વાતનું મને દુઃખ હતું તે દુઃખ પ્રભુએ દૂર કર્યું.'

'શી વાતનું આપણે દુઃખ હતું ?'

'સાંભળ મારી વાત, શેત્રુંજય પર્વત પર આદિનાથ દાદાના જિનાલયનો મહામંત્રી વાહડ જીર્ણોદ્ધાર કરાવે છે. તેની ટીપમાં ગઈ કાલે કમાણીમાંથી મળેલ સાત દ્રમ મેં આપ્યા, મને આવી નજીવી રકમથી દુઃખ થતું હતું. હું કંઈ જ ન આપી શક્યો. પણ હવે આ પ્રભુએ આપેલી મૂડી પ્રભુના જિનાલયના જીર્ણોદ્ધારના કાર્યમાં આપીશ.' બીજે દિવસે તે મહામંત્રી વાહડને મળ્યો. જીર્ણોદ્ધાર ટીપમાં ચાર હજાર સોનામહોરો તેણે અર્પી. મહામંત્રીએ કહ્યું, 'ભાઈ, તારી આ રકમ હું કઈ રીતે સ્વીકારું ? તારી આર્થિક સ્થિતિ નબળી છે, એમાં તે ઉપયોગી બનશે. પ્રભુએ તને આપી છે.'

તેણે કહ્યું, 'મારી પાસે એક બળદ છે. તે મારા માટે પૂરતો છે. મારી જરૂરિયાતો ખૂબ ઓછી છે અને બધી પૂરી થાય છે. મારે અને મારી પત્નીને વિશેષ ધનની કોઈ જરૂર નથી. મારે આ ધન તો શુભકામમાં જ વાપરવું છે. આના કરતાં બીજું કયું શુભકાર્ય હોઈ શકે ? પ્રભુ... આપને તે સ્વીકારવું જ પડશે. મારા અંતરની ઈચ્છાને આપ અવગણશો નહિ.'

મંત્રીશ્વરે અત્યંત પ્રેમના કારણે તે સ્વીકાર્યું.

તે ઘેર આવ્યો. રાત્રે કર્પદી યક્ષે તેને સ્વપ્નમાં કહ્યું, 'તારી પુષ્પપૂજાથી પ્રસન્ન થઈ આ ધન તને મળ્યું છે. એ ધનનો તેં ખૂબ ઉત્તમ ઉપયોગ કર્યો. ખૂબ આનંદ થયો. હવે ધન તારે ત્યાં હંમેશા રહેશે. તું ધનનો દાન માટે યથેચ્છા ઉપયોગ કરી શકીશ.' ત્યાર બાદ શેત્રુંજય પર્વત પર ભીમકુંડળિયાએ ભીમકુંડ બંધાવ્યો. તેના હાથે અનેક ઉત્તમ સત્કાર્યો થયાં.

'સ્પર્શ', પ્ર.આ., પૃ. ૬૦ ❑

# (૫) 'પિતા' એ જ ગુરુ : સ્વામી રામદાસ

રમણલાલ સોની

૧૯૧૮ની સાલ

મૅંગ્લોરમાં મહાત્મા ગાંધીજીનું ભાષણ હતું. એક યુવાન એ સાંભળવા ગયો હતો. એનું નામ વિઠ્ઠલરાવ હતું. ગાંધીજીના ભાષણમાં તેમની ઈશ્વર પરની અચલ શ્રદ્ધા શબ્દેશબ્દમાં પ્રગટ થતી હતી. સભામાં રામનામની ધૂન પણ ચાલી હતી. આની અદ્ભુત અસર યુવાન ઉપર પડી. એણે રામનામ પકડ્યું. કહો કે રામનામે એને પકડ્યો.

મૅંગ્લોરમાં સાડીઓ રંગવાનું કારખાનું હતું. ગાંધીજીનાં લખાણો એ નિયમિત વાંચતો હતો. શુદ્ધ ખાદી પહેરતો હતો અને ઘરમાં રેંટિયો ચલાવતો હતો. હવે રામનામ પર એનું ચિત્ત એવું ચોંટ્યું કે કામ કરતાં અને રસ્તે ચાલતાં પણ એ રામનામ જપ્યા કરતો હતો. હવે ધંધા ઉપરથી એનું મન ઊઠી ગયું. તડકો ચઢે ત્યાં લગી ઊંઘનાર અને ઊંઘમાંથી કોઈ જગાડે તો એને મારવા દોડનાર એ વિઠ્ઠલરાવનો રાતનો બધો વખત હવે રામનામ જપવામાં જતો હતો. ભાગ્યે જ બે કલાક એ ઊંઘતો હશે. ખોરાક છૂટી ગયો. એક-બે કેળાં કે બે-ચાર બાફેલા બટાકા ખાઈ લે, અને તે પણ એક જ વાર!

લોકો કહે : 'વિઠ્ઠલરાવ ગાંડો થઈ ગયો છે.' વિઠ્ઠલરાવના પિતા બાલકૃષ્ણરાવ તે વખતે બીજે ગામ રહેતા હતા. તેમના કાને વાત આવી કે દીકરો ગાંડો થઈ ગયો છે. એટલે એ દીકરાને મળવા દોડી આવ્યા. બાલકૃષ્ણરાવ ધાર્મિક વૃત્તિના હતા અને સાધુસંતોના પરિચયમાં આવેલા હતા. પુત્રની હાલત જોઈ તેઓ સમજી ગયા કે લોકો કહે છે તેવું આ ગાંડપણ નથી. આ ગાંડપણ તો સાત પેઢીને તારી નાખનારું છે. તેમણે પુત્ર વિઠ્ઠલરાવને પૂછ્યું : 'તું શું જપે છે ?'

વિઠ્ઠલરાવે કહ્યું : 'રામનામ જપું છું.'

પિતાએ પ્રસન્ન થઈ કહ્યું : 'ખાલી રામનામ જપે છે કે કંઈ મંત્ર જપે છે ?'

પુત્રે કહ્યું : 'મંત્રની મને ખબર નથી.'

પિતાએ કહ્યું : 'ચાલ, હું તને મંત્ર આપું. થોડા દિવસ પહેલાં જ એક સંન્યાસીએ મને આ મંત્ર આપ્યો છે.'

આમ કહી તેઓ પુત્રને એકાંતમાં લઈ ગયા અને ત્યાં તેને પોતાની સામે બેસાડી તેને મંત્ર આપ્યો : 'બોલ, શ્રીરામ જય રામ જય જય રામ !'

મંત્રદીક્ષા થઈ ગઈ. પિતાએ કહ્યું : 'બસ હવે તું આ મંત્ર જપ્યા કર ! તને શાશ્વત સુખની પ્રાપ્તિ થશે.'

તે જ વખતે વિઠ્ઠલરાવે પિતાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી કહ્યું : 'આજથી તમે મારા ગુરુ !'

પિતા ખરેખર ગુરુ બની રહ્યા. આ મંત્રજપના પ્રતાપે વિઠ્ઠલરાવને ભગવાન બાળ કૃષ્ણરૂપે દર્શન થયાં. તે પછી ઘરબાર છોડી એ ચાલી નીકળ્યા અને વિશ્વવિખ્યાત 'પપ્પા સ્વામી રામદાસ' રૂપે પ્રસિદ્ધ થયા.

ધન્ય એ પિતાને જેણે પુત્રને શાશ્વત સુખનો માર્ગ ચીંધ્યો !

**પપ્પા સ્વામી રામદાસની વાણી**

(૧) ઈશ્વર કોઈને સજા કરતો નથી, આપણાં કર્મો જ આપણને સજા કરે છે.

(૨) કર્મના નિયમનું શાસન સૌએ સ્વીકારવું પડે છે. ઈશ્વર એમાં ડખલ કરતો નથી, પણ એ એનો માલિક મટી જતો નથી. એ એની ઉપરવટ જઈ શકે છે.

(૩) ઈશ્વરે માણસને બુદ્ધિ એટલા માટે આપી છે કે એ બુદ્ધિ દ્વારા એ જાણી શકે કે 'હું કશું જાણતો નથી.'

'પિતા-પહેલા ગુરુ', પ્ર.આ., પૃ. ૯૬ ❑

## (૬) નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન (૮)

સ્વામી પ્રેમાનંદ સરસ્વતી

*(ગતાંકથી આગળ...)*

મુંબઈ-આગ્રા હાઈવે પર ધામનોર ગામે અમે પહોંચ્યા. ત્યાં સદાવ્રત મળે છે. આગળ ચાલતાં શ્રીનર્મદાજીના કિનારે આવેલ પુરાણપ્રસિદ્ધ મહેશ્વર ધામ આવી ગયા. આ પ્રાચીન નગરીનું નામ માહેસ્મતી છે. આ માહેસ્મતી નગરીમાં આદ્ય જગદ્‌ગુરુ શ્રીશંકરાચાર્યે મહાપંડિત મંડનમિશ્રને પરાસ્ત કર્યો હતો. મહારાણી શ્રી અહલ્યાબાઈ હોલ્કરની આ રાજધાની હતી. આજે પણ એ રાજભવન, કિલ્લો અને વિશાળ ઘાટ હયાત છે. હાથમાં શિવલિંગ રાખીને અહલ્યાબાઈ ન્યાય આપતાં હતાં. તે સ્થળે અખંડ દીવો બળે છે. પૂજા થાય છે. નૈતિક ગુનાને કારણે પોતાના એકના એક પુત્ર અને હોલ્કર રાજ્યના એકમાત્ર વારસને હાથીના પગ નીચે કચરાવી જ્યાં સજા કરાઈ હતી તે સ્થળ પર આજે પણ ભવ્ય સમાધિ શિવાલય છે. પાછળથી હોલ્કર રાજ્યની રાજધાની ઈન્દોર બની.

આગળ મંડલેશ્વર ઘાટ આવે છે. ઘણા લોકો આને જ મંડનમિશ્રની નગરી માને છે. ખરગોન જિલ્લાનું આ મથક છે. જૂના અવશેષો ઘણા છે. સ્થાપત્યમાં મને રસ હોવાથી બધે હું ફરી આવ્યો. આગળ જેલુર ગામ પાસેથી યંત્ર મારફતે નર્મદાજળને છેક ઈન્દોર મોકલવામાં આવે છે. આગળ ટાટંબરી બાબા રહે છે. સિદ્ધ પુરુષ છે. મોટે ભાગે નાનાં બાળકો સાથે રમ્યા કરે છે. તેઓએ ઘણાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે. આગળ મોરકટ્ટા પાસેનો પુલ દેખાતો હતો. ઉજળિયાત વસતીનું મોટું શહેર બડવાહ છે. ઈન્દોર-ખંડવા ધોરી માર્ગ ઉપર આ શહેર છે. બડવાહમાં ઘણાં સદાવ્રત ચાલે છે. બપોર પછી ચોવીસ અવતારના સ્થળે જવા નીકળ્યા.

હવે ધીરે ધીરે વન સઘન બનતું જાય છે. વનમાં ટીંબરુનાં ઝાડ ઘણાં છે. તેનાં પાન—પત્તાં બીડી બનાવવા વપરાય છે. લંગર બીડીવાળાનો ઠેકો કોન્ટ્રાક્ટ છે. અવશેષરૂપે થોડી પ્રાચીન શિલ્પ કૃતિઓ ભગ્નરૂપે આડીઅવળી પડેલી છે.

નર્મદાજીના કિનારે કોઠાવા નામના સ્થળે મોટા ઉંબરાના ઝાડ નીચે બપોરના ભોજન બાદ આરામ કર્યો. સામે જ માંધાતા પર્વત પર ભગવાન ૐકારેશ્વરજીનું મંદિર દેખાય છે. માંધાતા પર્વતના પશ્ચિમ પેટાળમાં નર્મદાજી અને પૂર્વ તરફ કાવેરી નામે નદી વહે છે.

ઈન્દોર-બડવાહ-રતનપુર-ઉદયનગર જતે રસ્તે સીતાવાટિકાનું સ્થાન છે. કહે છે કે શ્રીવસિષ્ઠજીએ સીતાજીની રક્ષા માટે ૬૪ યોગિની અહીં પ્રગટ કરેલી. હાલ ૩૦-૩૫ પુરાની મૂર્તિઓ છે. સીતાવાટિકાથી આગળ વધતાં ધાવડીકુંડ આવે છે. બન્ને કાંઠે નાની પર્વતમાળા છે. નર્મદાજીનો ધસમસતો પ્રવાહ એક મોટા ઊંડા કુંડ જેવા ખાડામાં પડે છે. નર્મદાજીનું રૌદ્રરૂપ અહીં પ્રકટ થાય છે. પ્રવાહ સાથે તણાઈ આવેલા પથ્થરો એ કુંડમાં પડે ને પાણીની ગતિના કારણે, કુંડમાં જ ગોળગોળ ફર્યા કરે તેથી સુંદર શિવલિંગ તૈયાર થાય. જાણે કે શિવલિંગની જન્મભૂમિ નિરાકારને નીર (પાણી) આકાર આપે છે.

ધાવડીકુંડમાંથી શિવલિંગ શોધી લાવવું સહેલું નથી, પણ ગેનસિંહ નામનો ૪૦ વર્ષનો યુવાન હાથમાં કાણાવાળી બાલદી લઈને એમાં ખાબકે છે. પહેલાં એના દાદા શિવલિંગ કાઢતા હતા. એ જ ગામના બીજા કોઈ માનવીની હિંમત નથી કે ધાવડીકુંડમાં ઝંપલાવે.

મારે નજરે જોવાની ઇચ્છા હતી, એટલે મેં ગામમાંથી ગેનસિંહને બોલાવ્યો. તે બહુ સરસ હતો. તેની પાસે થોડાં શિવલિંગ હતાં. મારા આગ્રહના કારણે એણે તો કછોડો ભીડ્યો. હાથમાં કાણાવાળી બાલદી લઈ યુક્તિપૂર્વક છેક કુંડના કાંઠે પહોંચી ગયો. હું થોડોક દૂર ખડક ઉપર ઊભો રહી બધું જોતો હતો. આંખના પલકારામાં ગેનસિંહ ધાવડીકુંડમાં અદશ્ય થઈ ગયો. જ્યારે તે ઊછળતા પાણી સાથે બહાર આવ્યો ત્યારે રત્નોસમા શિવલિંગથી બાલદી ભરેલી હતી. કમળકાકડીથી નાનાં ને મોટાં ચીભડાં જેવડાં વિવિધ રંગરૂપમાં રૂપાળાં લિંગો હતાં. મને જોઈતાં-ગમતાં વીણી લીધાં. બાકીનાં એણે પાછાં તે જ કુંડમાં પધરાવી દીધાં.

ધાવડીકુંડમાંથી મળતું શિવલિંગ સ્વયં શિવસ્વરૂપ છે એવો ઉલ્લેખ શ્રીસ્કંદપુરાણના રેવા ખંડમાં છે. તેથી ભારતભરનાં ઘણાં શિવાલયોમાં ધાવડીકુંડમાંથી પ્રાપ્ત કરેલ બાણ સ્થાપિત કરવામાં આવેલ છે. જે ત્યાં સુધી ન પહોંચી શકે તેઓ નર્મદાજીના પટમાંથી યોગ્ય આકારનું બાણ શોધી તેને નર્મદેશ્વર લિંગ તરીકે સ્થાપિત કરે છે. તે પરથી કહેવત પડી છે કે નર્મદાજીના કંકર એટલા શંકર. (ક્રમશઃ)

'શ્રીનર્મદામૈયાની પરિક્રમા', બી.આ., પૃ. ૬૨ ❑

(અનુસંધાન પૃ.૭ નું ચાલુ)

**મોટા :** જેને અશાંતિ, ક્લેશ, સંતાપ થતાં હોય એણે જ એનું કારણ શોધવાનું ને? બીજાઓનો વિચાર કરવાનો હોતો નથી.

મારાં ધર્મપત્ની અરુણાને બોલાવવાનું મોટાએ મને કહ્યું. અમે બંને પલંગમાં મોટાની પડખે બેઠાં. વચમાં મોટા હતા. મોટાએ અમને બન્નેને કહ્યું, 'તમે બંને મારી એક વાત માનજો. જીવનમાં શાંતિ થઈ જશે.' પછી કહે, 'આપણે કોઈ પણ વ્યક્તિ વિશે—સંબંધી, સગું કે બીજું કોઈ પણ હોય તેના વિશે નકારાત્મક વાતો ના કરવી. કોઈનાય દોષોની ટીકાઓ ના કરવી.'

મેં કહ્યું, 'આ રીતે અમારાથી વર્તવાનું બની શકશે ?' મોટાએ કહ્યું કે શાંતિ અનુભવવી હશે તો કરવું જ જોઈએ ને ? મેં કહ્યું કે બીજા વિશે વાત કરતાં મોટા ભાગે નકારાત્મક વાત જ થાય છે.

**મોટા :** એટલે જ કહું છું. બીજાઓની વાતોનો આપણે વિચાર ના કરવો. આપણે આ રીતે કરવું છે એમ નક્કી કરો. પછી અરુણાની સામે જોઈને કહે, 'આ ભાઈ જો નકારાત્મક વાત કાઢે તો તમારે યાદ કરાવવું કે મોટાએ કહ્યું છે એ યાદ કરો અને મને મોટાએ કહ્યું કે તમારે એ જ પ્રમાણે અરુણાને કહેવાનું.'

નકારાત્મક વાતો ના કરવાનો નિશ્ચય કરવો સહેલો હતો, પણ એ રીતે આચરણ થશે કે કેમ એની શંકા હતી, પણ મેં એ વ્યક્ત ના કરી. અમે તો એ મુજબ જ વર્તવાનું નક્કી કરી લીધું.

**મોટા :** આટલું કહ્યું કરવાથી તો પચાસ ટકા શાંતિ એમને એમ થઈ જશે. તમારું મન શાંત થઈ જશે.

'મળાયું પણ ભળાયું નહિ', ત્રી.આ., પૃ.૫૩ ❑

# (૭) દાન-પ્રાયશ્ચિત્ત રૂપે

**શ્રીમોટા**

...વળી આપણે જે કર્મ દ્વારા ધન પ્રાપ્ત કર્યું છે, તે કર્મના સંસ્કારોનું પ્રાયશ્ચિત જીવે કરવું જ ઘટે; જો તેવા જીવને પોતાના કે સમાજના કલ્યાણની પડી હોય તો. જે કોઈ જીવને પોતાના કલ્યાણની પડી જ ન હોય તેને કાજે તો આવી વાત છે જ નહિ. તો પછી તેવાએ ધર્મ, ભાવના કે શાસ્ત્રની વાત કદી કરવી ન ઘટે. જો ધર્મ, શાસ્ત્ર કે ભાવનાની વાત કરવાપણું હોય તો તેવા જીવને એટલો તો ખ્યાલ હોવો જ ઘટે કે આપણે જે કંઈ કમાયા છીએ તેમાં પ્રપંચ હતો, હતો ને હતો જ. પ્રપંચ વિના આજના યુગમાં (કે કદાચ કોઈ પણ યુગમાં) ધનનો ઢગલો થવો શક્ય નથી. એમાં માત્ર પ્રપંચના ઓછાવત્તા પ્રમાણનો સવાલ રહે છે.

કોઈ કહેશે કે 'એ તો પ્રારબ્ધથી મળ્યું; પ્રારબ્ધ ખરું તેની ના નથી, પરંતુ આપણાં કેવાં કેવાં કર્મથી નવું પ્રારબ્ધ આપણે જન્માવતા હોઈએ છીએ તેનો ઊંડો વિચાર કોઈ જ કરતું હોતું નથી. તેથી હું તો માનું છું કે સમાજ કનેથી રળેલું તે સમાજને પાછું વાળવું જ જોઈએ. કુદરતનો ક્રમ પણ તેવો જ છે. પૃથ્વી પરનું જળ ઉપર જઈને તે પાછું પૃથ્વી પર જ વરસે છે. એવી રીતે સમાજ કનેથી રળેલું પ્રાયશ્ચિત્તની ભાવનાથી, ભક્તિભાવનાથી, સમાજરૂપી ભગવાનની સેવા-ભક્તિનો ખ્યાલ તે તે પળે જીવતો ધરાવીને જેટલું દાનમાં અંતરના ઉમળકાથી અપાય તેટલું યોગ્ય છે; તો જ આપણે તે ધનના સાચા 'ટ્રસ્ટી' છીએ ને તેવી ભાવના જગાડવામાં આપણે પ્રાણરૂપ પણ નીવડી શકીએ. બાકી આજકાલ જે દાન અપાય છે તે તો કનિષ્ટ પ્રકારનું છે. તે તામસિક પ્રકારનું છે ને તે પણ એક વહેવાર ને ઘરેડ જેવું થઈ પડેલું છે. લોકને આપતાં કંઠે પ્રાણ વછૂટે છે. એવા આપવાપણામાંથી ફળી પણ શું શકે ? ન આપનારનો શુક્કરવાર વળે કે ન લેનારનો.'

જે તે બધું પ્રભુનું જ છે ને પ્રભુને જ સમર્પણ કરવાનું હોય, આપણું તો કશું જ નથી એવો ભાવ હૃદયમાં જીવતો કરાવવાની સાધનાને માટે પણ પોતાનું જ તે બધું જ દાન કરવાનું જરૂરી છે. એણે આપેલું છે તે બધું એકલા પોતાને ભોગવવાને કાજે નથી, એ મારે મન તો નક્કી વાત છે.

આ બધા સાથે દાનથી પુણ્ય મળે ને પુણ્યથી પાછળ ભોગો ભોગવવાનું મળે એટલે તેવા ભોગોમાંથી જીવ પાપ બાંધે; આમ પાપપુણ્યના કૂંડાળામાંથી જીવ કદી છૂટતો જ હોતો નથી.

**તેથી દાન તો આપણા પ્રાયશ્ચિત અર્થે હોય** અને પ્રભુભક્તિને કારણે હોય, તેવા પ્રકારનું દાન જીવનને ઘડે છે. જેમાં સહેજ પણ અહમ્ રહે કે કંઈક બદલાની કે અપેક્ષાની કે પુણ્યની ભાવના રહે, તો તે પુણ્ય હોવા છતાં જીવને જીવ સ્વભાવમાં જકડનારું કર્મ છે. એટલે દાન તો પ્રાયશ્ચિતભાવ, પ્રભુની ભક્તિનો ગદ્ગદભાવ પ્રગટાવવા કાજેની એક ઉત્તમ સાધના છે. એવા જીવના હેતુના જીવતા જ્ઞાનભાન સાથે તે થયા કરે, તો જ તેવું દાન જીવનને ફળાવી શકે છે ને આજકાલ આવું દાન કોણ કરે છે ?

'જીવનઝરમર', પૃ.૩૮ ❑

# (૮) શ્રીમોટાનું રખોપું : એક અનુભવ

પ્રભુદાસ જાની

પૂજ્ય શ્રીમોટાના અનેક સ્વજનોના એકથી વિશેષ અનુભવ છે કે પોતાના જીવનમાં ઉપસ્થિત થતી પરિસ્થિતિ કે પ્રસંગમાં શ્રીમોટાએ એમની રક્ષા કરી છે. પોતાના અનુભવ શબ્દસ્વરૂપે આલેખનાર સ્વજનોની સંખ્યા પ્રમાણમાં ઓછી છે. પોતાના અંગત અનુભવો અન્ય સ્વજનોને જણાવવા યોગ્ય નથી એમ માનનાર વર્ગ મોટો છે. છતાં પૂજ્ય શ્રીમોટાને કેન્દ્રમાં રાખીને વિશેષ અતિશ્યોક્તિ કર્યા વિના યોગ્ય સ્વરૂપે જેમ બન્યું હોય તેમ વ્યક્ત કરવામાં કશું ખોટું તો થતું નથી એવી ભાવનાવાળા સ્વજનોએ અનુભવો વ્યક્ત કર્યા પણ છે. અમારા જીવનમાં અનુભવાયેલ અનેક ઘટનાઓ પૈકી આ એક નાનો સરખો પ્રસંગ છે.

આ ઘટનાને કેટલોક કાળ વીતી ગયો છે. જો કે પૂજ્ય શ્રીમોટા પ્રત્યે આદર અને ભક્તિભાવ ધરાવતા કેટલાક સ્વજનોને આ વિગત અમોએ જણાવી છે જ. હવે ‘હરિભાવ’ના માધ્યમ દ્વારા એને જાહેર જાણકારી અપાઈ રહી છે.

હરિ:ૐ આશ્રમ, સુરત ખાતે હું એક સપ્તાહ માટે મૌનમાં બેઠો હતો. મારી પાસે પ્રથમ વખત ખરીદ કરાયેલ મોબાઈલ ફોન હતો. મૌનમાં બેસતાં પહેલાં મોબાઈલ ફોન ઑફિસમાં જમા કરાવવાનો હોય છે તેની મને જાણકારી ન હતી. એટલે નિર્દોષભાવે મૌનરૂમમાં મારા સામાન સાથે મોબાઈલ પણ હતો. વળી, આ આશ્રમની અગાઉની જાણકારી હતી કે હું મોબાઈલ ફોન ધરાવતો નથી. એટલે આશ્રમની ઑફિસ તરફથી મને એ અંગે કોઈ પૂછપરછ પણ કરવામાં આવી નહોતી.

મૌનના ત્રણ-ચાર દિવસ પસાર થઈ ગયા બાદ મોટે ભાગે ગુરુવારની મધ્યરાત્રિએ મને ઊંઘ દરમિયાન એક દશ્ય દેખાયું કે મારા અમદાવાદના રહેણાંક પાસે ચોર આવ્યા છે. ત્યાં મારી દીકરી કુ. હર્ષિદા એકલી જ હતી. એટલે સૌપ્રથમ તો સામાનમાંથી મોબાઈલ બહાર કાઢ્યો અને અમદાવાદ ફોન કરી પૂછપરછ કરી ખાતરી કરવાનો વિચાર આવ્યો; પરંતુ બીજી જ ક્ષણે મનમાં થયું કે કદાચ આ ભ્રમણા જ હોઈ શકે એટલે નાહકનો ઘરે ફોન કરીને દીકરીને જગાડી પૂછવાનો કોઈ અર્થ નથી. એક બીજો વિચાર પણ આવ્યો કે મૌન અનુષ્ઠાન દરમિયાન બહારનો સંપર્ક વર્જ્ય હોય છે. એટલે મોબાઈલ સામાનમાં પાછો મૂકતાં મૂકતાં મનોમન બોલાઈ ગયું કે ‘મોટા ! જે હોય તે સંભાળજો !’ આટલા શબ્દો સહજ રીતે બોલાયા હતા. મારામાં કોઈ પ્રાર્થનાભાવ તો હતો જ નહિ.

મૌન અનુષ્ઠાન બાદ રવિવારે અમદાવાદ પહોંચીને આ પ્રસંગ અંગે દીકરીને પૂછવાનો વિચાર પણ ન આવ્યો. જાણે કે બધું વિસરાઈ ગયું હતું. વળી, દીકરી તરફથી પણ મને ખાસ કોઈ સમાચાર અપાયા નહોતા. ત્રણેક દિવસ બાદ મેં દીકરીને વાત કરી કે મૌનરૂમમાં ઘર પાસે ચોર આવ્યાનો મને મૌનરૂમમાં અણસાર આવ્યો હતો. એ સાંભળીને દીકરીએ એકદમ કહ્યું કે હા ! વાત સાચી છે. ગુરુવારની મધ્યરાત્રિએ છોકરા જેવા બે ચોર ઘરની પાછળના ભાગની દીવાલ ઠેકીને આવ્યા હતા. પછી તો તેણે બધું વિગતવાર મને કહ્યું તેનો સારભાગ આ પ્રમાણે છે :

ગુરુવારની રાત્રે સૂતી વખતે દીકરીને મનોમન એવું લાગતું હતું કે આજે રાત્રે કંઈક અઘટીત બનવાનું છે. એટલે મોટાને પ્રાર્થનાભાવે એણે કહેલું કે મોટા ત્યારની વાત ત્યારે પણ અત્યારે તો શાંતિથી સૂવા દો ! અને એ

નિરાંતે નિદ્રામાં હતી. મધ્યરાત્રિએ મકાનની પાછળની દીવાલ પાસે પાણીની ટાંકી ઉપર લોખંડના ટોકર મૂકેલા હોય છે એ પડવાનો-ગબડવાનો અવાજ આવ્યો એટલે દીકરીએ લાઈટ કરી જોતાં બે ચોર દીવાલ ઠેકીને અમારા કમ્પાઉન્ડમાં દાખલ થયા હતા એ તેણે જોયું.

દીકરીએ ઘરની અંદરની અને બહારના કમ્પાઉન્ડની લાઈટો ચાલુ કરી દીધી અને લાઈટ કનેક્શનની જે પટ્ટી હોય તેમાં મોટાનો એક નાનો ફોટો દબાવીને જે રાખેલો હતો તેના ઉપર હાથ રાખીને બધું જોયા કરતી હતી. એક છોકરો આગળ વરંડાની લોખંડની જાળી સામે આવીને ઊભો હતો અને કોઈ સાધનથી જાળી કાપવાની શરૂઆત કરી રહ્યો હતો. જ્યારે બીજો છોકરો કમ્પાઉન્ડના આગળના ભાગના મોટા દરવાજા પાસે ઊભો રહીને ચારે બાજુ ધ્યાન રાખી રહ્યો હોય તે સ્થિતિમાં દીકરીને દેખાતો હતો.

જાળી પાસેનો છોકરો અને દીકરી બન્ને સ્પષ્ટ રીતે એકબીજા સામે જોઈ રહ્યા હતા. લોખંડની જાળી ભરેલા વરંડાનું આઠ-દસ ફૂટનું જ અંતર ગણાય. દીકરીને લાગતું હતું કે હવે જાળી કાપીને એ અંદર આવશે. વળી, અમારા ઘરની આબુબાજુના મકાનોના માણસોને બૂમ પાડીને જગાડી શકાય એવું નહોતું. બધાના સ્વતંત્ર બંગલા કમ્પાઉન્ડ વૉલ વગેરેના કારણે એ શક્ય નહોતું. દીકરીને મનમાં થયું કે આવા ચોર લોકો પહેલાં ટેલીફોન લાઈન કાપી નાખતા હોય છે એટલે ફોનથી કોઈનો સંપર્ક કરવાનો વિચાર કે હિંમત આવી નહીં. આમને આમ આમને-સામને એકમેકને જોતા રહેવાની સ્થિતિ થોડોક સમય ચાલી. પછી કોણ જાણે કમ્પાઉન્ડ પાસે ઊભેલા છોકરા સાથે એ બન્ને જણ લોખંડનો દરવાજો કૂદીને રોડસાઈડે જતા રહ્યા. દીકરીને એમ હતું કે થોડીક વાર પછી એ પાછા આવી શકે છે, પરંતુ જ્યારે એને ખાતરી થઈ કે હવે એ પાછા નહીં આવે એટલે એ ઊભી થઈ. આ સમગ્ર સમય દરમિયાન દીકરીએ પોતાનો એક હાથ મોટાના પેલા ફોટાને અડાડેલો રાખ્યો હતો.

દીકરી જેવી ઊભી થઈ ત્યારે ખરા ભયની ધ્રુજારી એણે અનુભવી અને આખા શરીરે પરસેવો છૂટ્યો હતો. એ સમયે પરસેવાથી સ્વચ્છ થવા એણે સ્નાન કર્યું અને પૂજાના ભાગમાં મોટાની પ્રતિમા સમક્ષ દીપ પ્રગટાવી મનોમન મોટાની કૃપાસહાય માટે આભાર માન્યો હતો.

આ પ્રસંગ જેમ બન્યો છે તેમ આલેખ્યો છો. આ તો એક નાનકડો જ અનુભવ વ્યક્ત કર્યો છે. બાકી એકમેકથી ચડિયાતા અનુભવ શ્રીહરિકૃપાસહાયના અમારા પરિવારના સભ્યોના જીવનમાં બનેલા છે. જો કે એ બધા માથા ઉપરથી પસાર થઈ ગયા છે અને હતા તેવા અમે જીવદશામાં ગરકાવ થઈ રહેલા છીએ ! ❑

## ગયેલા આત્માને....

**પૂજ્ય શ્રીમોટાના સુરતનિવાસી શ્રી જગદીશભાઈ કે. જોષીનાં ભગિની મિનાક્ષીબહેન કિરીટભાઈ ભટ્ટનો શિકાગો—અમેરિકા ખાતે તા.૨૮-૫-૨૦૧૭ના રોજ ૭૫ વર્ષની વયે દેહાંત થયો છે. સદ્ગતશ્રીના સુરતના નિવાસે પૂજ્ય શ્રીમોટાની પધરામણી થઈ હતી અને તે સમયે મિનાક્ષીબહેનની ઍપેન્ડીક્સની તકલીફ પૂજ્ય શ્રીમોટાના કૃપાસ્પર્શથી દૂર થઈ હતી. ઉપરાંત પૂજ્ય શ્રીમોટા વિરચીત 'જિજ્ઞાસા'ના પ્રથમ પ્રકાશનમાં એ પરિવારનો સહયોગ રહ્યો હતો.**

**ગતાત્માનું શ્રીહરિ સર્વપ્રકારે યશ-કલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે.**

*શ્રી જગદીશભાઈના પત્રના આધારે* **—સંપાદક**

# (૯) શ્રીદાસાનુદાસ : જીવનરેખા (૩)

ડૉ. રમેશ ભટ્ટ

*(ગતાંકથી આગળ...)*

'એક વખત હું અંબાજી ગયો. ત્યાં ગોખ સન્મુખ સ્થિર ચિત્તે દરવાજા પાસેની પાળી ઉપર બેસી રહ્યો. થોડા જ સમયમાં તે ગોખ અને મધ્યનાં આભૂષણો લય થઈ ગયાં અને એક મોટો આયનો હોય એવું લાગ્યું. વળી, તે આયનામાં મારું પ્રતિબિંબ દેખાયું. મને આનંદનાં આંસુ આવવાં ચાલુ થયાં. આંખો આંસુથી ભરાઈ ગઈ. બધું જ દેખાવું બંધ થયું અને છાતીમાં કોઈ અનેરો આનંદ આવવાથી આનંદનો ડૂમો ભરાઈ ગયો.

મને, બસ એમ જ થયા કરે કે, ઓહો, આ બધું જ ઈશ્વર છે. હું, તું અને તે, આ અને પેલું એ આપણી અજ્ઞાનતાએ કરીને જુદું જુદું દેખાય છે. જુદું છે જ ક્યાં ? બધું એક જ છે, બધું ઈશ્વર જ છે. ઈશ્વરને ખોળવાનો છે જ ક્યાં ? કેવળ સમજી જવાનું છે. સમજાવનાર પણ સમજાવવા તૈયાર છે. કેવળ આપણે જ આપણા અહંકારનો નાશ કરવાનો છે. અહંકાર ઓગળે છે વિરહથી. માટે જો તમારે ઈશ્વરને જોવો, જાણવો અને અનુભવવો હોય તો સતત તેનો વિરહ સેવવો ચાલુ કરો.'

શ્રીદાસાનુદાસને જીવનસાધનામાં અનેક અનુભવી સંતપુરુષોએ પ્રત્યક્ષ માર્ગદર્શન આપ્યું છે. સાથોસાથ જેઓનાં શરીર છૂટી ગયાં છે એવા મહાત્માઓએ પણ ભિન્ન ભિન્ન રીતે માર્ગદર્શન આપ્યું છે. એની ઘણી જ રસિક કથાઓ છે. તેમાંથી માત્ર બાપજીએ જેનો ઉલ્લેખ કર્યો છે તે વિગત જોઈએ તો સ્વામી રામતીર્થે અંતિમ સમાધિ લીધા પછી વરસો પસાર થયાં હતાં. સ્વામી રામતીર્થના અક્ષરસ્વરૂપે બાપજીને સૂક્ષ્મ માર્ગદર્શન આપ્યું હતું.

સ્વામી રામતીર્થના ઉપદેશનો સંચય (ગુટકો) બાપજી પાસે આવેલો. એનું પ્રથમ પાનું વાંચતાં જ તેમની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. એ ગુટકો બંધ કરીને પોતાના માથા પાસે ઓશિકા પાસે રાખ્યો અને ભગવાનને પ્રાર્થના કરી કે, 'હે પ્રભુ ! હું આચરી શકું એટલું જ મને સમજાવજે અને એટલું જ હું વાંચું કે જેને હું આચરી શકું.'

એમ નિર્ણય કરીને ગુટકાનું પહેલું પાનું વાંચીને, એમાં દર્શાવ્યા પ્રમાણેનું આચરણ સિદ્ધ થાય નહિ, ત્યાં લગી બીજા પાના ઉપરના ઉપદેશ-વચનને જોતા જ નહિ. આ ગુટકો એમને સદ્‌ગુરુરૂપ બની રહ્યો.

પૂજ્ય બાપજીએ લખ્યું છે કે :

'શ્રીરામે વાલીને માર્યો, પરંતુ મારા તીર્થરામે તો મને વાર્યો. સ્વામી રામતીર્થનું જીવન વાંચીને મેં મારા જીવન સાથે તેમનું જીવનચરિત્ર વણી લીધું. એના કારણે મારા જીવનનો અવળો પ્રવાહ સવળા માર્ગે વહેતો થયો અને આખરે ઈશ્વર સાથે જ તન્મય બની ગયો... જીવતાને ભલે સાંભળો, પણ સેવવા માટે તો મરેલા જ શ્રેષ્ઠ છે, અને મરેલા સાથે સંબંધ બાંધતાં ના આવડે તો તેમના પુસ્તકને સેવજો. એ તમને જરૂર હાથ પકડીને આગળ લઈ જશે. ગુરુશિષ્યનો સંબંધ એક ક્ષણ માત્રનો જ હોય છે, બીજી ક્ષણે જ તેઓ મિત્ર બને છે.'

સ્વામી રામતીર્થના શબ્દબ્રહ્મથી બાપજીની સાધનામાં વેગ આવ્યો. રામતીર્થની સાથે બાપજી એટલા તદ્રુપ બનેલા કે બાપજીને જોનારા એમને બીજા રામતીર્થ કહેતા. બાપજીને રામતીર્થનાં સૂક્ષ્મ દર્શન પણ થયેલાં.

સને ૧૯૫૨ સુધી ગુરુના આદેશ, સંકેત અને સૂચન મુજબ બાપજીએ આબુ પર્વત ઉપરની ભયાનક જગ્યાઓમાં અને હિમાલય પર્વતની અજ્ઞાત જગ્યાઓ તથા ગીચ જંગલોમાં સાધના કરેલી. સંસારિક સમસ્યાઓ કરતાં આધ્યાત્મિક જીવનવિકાસ અંગેની સમસ્યાઓ ઘણી ગૂઢ હોય છે. આ બધાંનો એક સંગ્રામ ચાલતો હોય છે.

બાપજીને સાધનામાં એક એવી પરિસ્થિતિ ઊભી થઈ કે પ્રભુના અનુભવ માટેના અંતરાયો હઠતા નહોતા. એ વખતે સ્વામી રામતીર્થ તરફથી ભૂમિસમાધિનો સંકેત મળ્યો, પણ ભૂમિસમાધિ ક્યાં કરવી, કેવી રીતે કરવી એનું સ્પષ્ટ દર્શન મળ્યું નહોતું.

ગુરુસ્થાન વાસ્થાનજીમાં સાધન-ભજન કરીને બાપજી બહુચરાજીમાં એક ધર્મશાળામાં રહેતા હતા. બહુચરાજી તીર્થમાં સાધના તો ચાલુ જ રહેતી. ત્યાંના કેટલાક ભાવિક ભક્તો બાપજી પ્રત્યે આકર્ષાયા હતા. બહુચરાજી નિવાસી એક ભક્તે પાટડીમાં બામણવા ગામમાં રહેતા અમૃતભાઈને કહેવડાવ્યું કે એક સંત આવ્યા છે, તેમનાં દર્શન કરવાં હોય તો આવો. પાટડીના કંતિભાઈ સોનીને આ બાબતનો રસ હતો. એટલે અમુભાઈ, કાન્તિભાઈ સોની અને કાન્તિભાઈ ગોર બહુચરાજી પહોંચ્યા. બાપજીનાં દર્શન પછી તેમના ગુરુ મુનિ મહારાજના દર્શન કરવા વાસ્થાનજીમાં પણ તેઓ બધા ગયા હતા.

બાપજીનાં દર્શન કર્યા પછી એ બધા ભક્તોએ બાપજીને પાટડી પધારવા કહ્યું. ત્યારે બાપજી 'જોઈશું' 'જોઈશું' એટલું બોલેલા. ભક્તોના આગ્રહને વશ થઈ બાપજી પાટડી પ્રથમ કાન્તિભાઈ સોનીને ત્યાં ગયા અને પછી કાન્તિભાઈ ગોર-જેઓને બધા ગોરભા કહેતા તેમને ઘેર ગયા.

બાપજી શ્રીમોટાના દર્શને સાબરમતી આશ્રમે આવતા એની વિગત આ પ્રમાણે હતી : બાપજી અમદાવાદ સ્ટેશને ઊતરીને હરિજન આશ્રમમાં શ્રી નંદુભાઈ શાહને ત્યાં શ્રીમોટા રહેતા હતા એમની પાસે પહોંચે. ઊઘાડા પગે ચાલતા જ જતા. એ વખતની બાપજીની ચાલવાની ઝડપ જોવા તો ગાંધીમાર્ગ પરની દુકાનોના વેપારીઓ બહાર નીકળી પડતા. બાપજી જાણે હવામાં ઊડતા હોય એટલી ઝડપથી આગળ વધતા હતા. અમદાવાદમાં મહાજન બુક ડીપોવાળા ચીમનભાઈ મહાજન, આંખના ડૉક્ટર હીરાભાઈ વગેરે સાથે બાપજીને સહવાસ થયેલો. શ્રીમોટા પાસે બાપજી જ્યારે જતા ત્યારે માત્ર ચા પીને પાછા ફરતા હતા. એ વખતે શ્રીમોટાએ નંદુભાઈને ઓળખાણ આપતાં કહેલું કે, 'આ મસ્તરામને ઓળખી લેજો.'

અમદાવાદમાં વી.એસ. હૉસ્પિટલમાં દર્દથી પીડાતા દર્દીઓ પાસે બાપજી જતા અને દરેકને પગે લાગી એમની ખબર પૂછતા. બાપજી કહેતા કે, 'દેહના રોગથી દુઃખી દરદીઓ ભગવાનની વધુ નજીક હોય છે. એમનામાં ભગવાનનાં દર્શન કરીને, એમને વધુ શક્તિ પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના કરતો.'

**(અનુસંધાન પૃ.૨૨ ઉપર)**

# (૧૦) શ્રીમાતાજી : સંક્ષિપ્ત જીવનચરિત્ર (૩)

અનુ. કિરીટ ઠક્કર

*(ગતાંકથી આગળ...)*

શ્રીમાતાજીના માર્ગદર્શન હેઠળ એક નાના મંડળની રચના કરવામાં આવી. એ મંડળને ('Idea') 'વિચાર' એવું નામ આપવામાં આવ્યું હતું. તેઓ નિયમિત રીતે મળતા હતા. મંડળમાં આધ્યાત્મિક વિષયોની સાથે ગુહ્યવિદ્યાજન્ય અનુભૂતિઓની ચર્ચા પણ થતી હતી. શ્રીમાતાજીને અનેક ગૂઢ અનુભૂતિઓ થઈ હતી, પરંતુ તેઓએ એ અનુભૂતિઓને છેવટના ધ્યેય તરીકે ક્યારેય સ્વીકારી ન હતી. તેઓનું છેવટનું ધ્યેય આધ્યાત્મિક સાક્ષાત્કાર તેમજ આવિર્ભાવ હતું. ગૂઢ વસ્તુઓ પ્રત્યે એમનું દૃષ્ટિબિંદુ નીચેના નિવેદનમાં સ્પષ્ટ થાય છે :

'આધ્યાત્મિક શિસ્ત વિનાની ગૂઢ વિદ્યા—જે વ્યક્તિ એ વિદ્યાનો બીજા પર પ્રયોગ કરે છે, એ વ્યક્તિ માટે—આપત્તિકારક હથિયાર છે. એ હથિયાર જો મલિન હાથોમાં પહોંચી જાય તો ગૂઢ વિદ્યાના જ્ઞાન વગરનું આધ્યાત્મિક જ્ઞાન પરિણામો પ્રાપ્ત કરવામાં ચોક્સાઈ વિનાનું હોય છે. આધ્યાત્મિક જ્ઞાન માત્ર આત્મલક્ષી બાબતોમાં સર્વશક્તિમાન હોય છે.'

સને ૧૯૦૫ ને ૧૯૦૬ની વચ્ચે પૅરિસમાં શ્રીમાતાજીએ ગૂઢ વિદ્યાની વ્યવસ્થિત તાલીમ લીધી હતી. પોલૅંડના યહુદી મેક્ષ થેઓં તેમજ તેમનાં ધર્મપત્ની આલ્મા પ્રખર રહસ્યવાદી હતાં. તે સમયની કેટલીક અનુભૂતિઓ શ્રીમાતાજીએ પાછળથી વિદ્યાર્થીઓને જણાવી હતી. એ ઘણી આશ્ચર્યકારક અને ચમત્કારિક હતી.

સને ૧૯૧૨માં શ્રીમાતાજીએ 'Cosmique' નામના અભ્યાસવર્તુળની સ્થાપના કરી હતી. ભારતીય પુરાણશાસ્ત્રો, ઉપનિષદો, યોગસૂત્રો, ગીતા વિગેરેનાં ભાષાંતરો વહેંચી યુરોપના મિત્રોને પૂર્વની આધ્યાત્મિકતાથી વાકેફ કર્યા હતા. આ અભ્યાસમંડળની સભામાં, 'આપણું લક્ષ્ય શું છે ?' 'આપણે શું કાર્ય કરવાનું છે ?' અંગે ચર્ચાઓ થતાં શ્રીમાતાજીએ એના ઉત્તર આપ્યા હતા. 'વૈશ્વિક સંવાદિતાની સ્થાપના'ને એક લક્ષ્ય તરીકે ગણવામાં આવેલ.

૧૩ ઑક્ટોબર, ૧૮૯૭ના રોજ શ્રીમાતાજી પ્રસિદ્ધ ચિત્રકાર એ. મોરિસેટ સાથે ૧૯ વર્ષની વયે લગ્નગ્રંથિથી જોડાયાં હતાં. તેમના પુત્ર આંદ્રેનો જન્મ ૨૩ ઓગષ્ટ, ૧૮૯૮ના રોજ થયો હતો. લગ્નનાં થોડાં વર્ષો બાદ એ લગ્નને ફોક કરીને પૉલ રિશાર સાથે તેઓ લગ્નગ્રંથિથી જોડાયાં હતાં. પૉલ રિશાર પ્રખ્યાત ફિલસૂફ હતા. પૂર્વની તેમ જ પશ્ચિમની આધ્યાત્મિકતામાં અને યોગમાર્ગમાં તેઓને ઊંડો રસ હતો. ૧૯૧૦ના વર્ષમાં ચૂંટણી પ્રચારના કાર્ય અર્થે તેઓ ફ્રેન્ચ-ઈન્ડિયાના પૉંડિચેરીમાં પધાર્યા હતા. તેઓ 'Star of David' (તારાના આકારની આકૃતિ)નો અર્થ જાણવા માગતા હતા. તે માટે તેઓ શ્રીઅરવિંદને મળવા ગયા હતા. શ્રીઅરવિંદ બ્રિટિશ-ઈન્ડિયાની બહાર પૉંડિચેરીમાં દેશવટો ભોગવી રહ્યા હતા. પૉલ રિશારે કમળના સાંકેતિક અર્થ અંગે પૂછતાં શ્રીઅરવિંદે જણાવ્યું હતું કે **કમળ એ ચેતનાની ઈશ્વર પ્રત્યેની અભિમુખતાનું પ્રતિક છે.**

પૉલ રિશાર ફ્રાન્સ પાછા ફર્યા ત્યારે તેમણે શ્રીમાતાજીને શ્રીઅરવિંદ વિશે જણાવ્યું હતું. તે પછી અમુક પત્રવ્યવહાર શરૂ થયો હતો. ૨૯ માર્ચ, ૧૯૧૪ના રોજ શ્રીમાતાજી પૉલ રિશાર સાથે પૉંડિચેરી પહોંચ્યાં હતાં. શ્રીમાતાજી સમજી ગયાં હતાં કે તેઓ જે ગુરુને પોતે સ્વપ્નોમાં અનેક વખત મળ્યાં હતાં તથા પોતે જેને કૃષ્ણ તરીકે ઓળખતાં હતાં તે જ આ શ્રીઅરવિંદ છે. પોતે એક નૂતન જીવનમાં જન્મ પામ્યાનો અનુભવ કરતાં હતાં.

શ્રીઅરવિંદના સહકારથી રિશાર દંપતીએ તત્ત્વજ્ઞાનને લગત માસિક 'આર્ય'નું પ્રકાશન શરૂ કર્યું. શ્રીઅરવિંદે આ માસિક દ્વારા જ પોતાનાં મોટા ભાગનાં મહત્ત્વનાં લખાણો રજૂ કર્યાં હતાં. શ્રીમાતાજી હિસાબનું કાર્ય સંભાળતાં હતાં. 'આર્ય' માસિકની શરૂઆત શ્રીઅરવિંદના જન્મદિન ૧૫ ઓગસ્ટ, ૧૯૧૪ના રોજ થઈ હતી. તેની ફ્રેન્ચ આવૃત્તિ પણ તૈયાર કરવામાં આવી હતી.

પૉલ રિશારને અનામત દળમાં જોડાવા માટે ફ્રાન્સ પાછા બોલાવવામાં આવ્યા. શ્રીમાતાજી પણ પોતાની ઇચ્છા વિરુદ્ધ ફ્રાન્સ પરત ફર્યાં હતાં. શ્રીઅરવિંદનો વિયોગ શ્રીમાતાજી માટે મોટા આઘાતસમું હતું. આ ઘટના અંગે ઘણા સમય બાદ શ્રીમાતાજીએ વ્યથિત હૃદયે જણાવ્યું હતું કે શ્રીઅરવિન્દે મને અહીં રાખી નહિ, હું શું કરી શકું ? વિશ્વયુદ્ધના વમળમાં શ્રીમાતાજી ફ્રાંસમાં એક મૂક સાક્ષી બની રહીને ફસડાઈ પડ્યાં હતાં. પોતાની આગવી રીતે શ્રીમાતાજીએ ઘવાયેલા સૈનિકોને પોતાના પ્રેમના આશ્લેષમાં સમાવીને મદદ કરવાનો પ્રયત્ન કર્યો હતો.

આ સમય દરમિયાન શ્રીઅરવિંદે શ્રીમાતાજી સાથે પત્રવ્યવહાર ચાલુ રાખ્યો હતો. એક વખત શ્રીમાતાજી મૃત્યુના આરે પહોંચી ગયાં હતાં. ડૉક્ટરોએ પણ આશા છોડી દીધી હતી. શ્રીઅરવિંદે એ ગંભીર કટોકટીમાં શ્રીમાતાજીને સહાય કરી હતી. શ્રીમાતાજીએ પોતાનાં દુઃખોને એ ઈશ્વરનો સંકલ્પ છે એમ માની શાન્તિપૂર્વક, સમર્પણભાવે સ્વીકાર કર્યો હતો.

શ્રીમાતાજીના લખાણમાંથી નીચેની વિગતો પ્રાપ્ત થઈ છે :

"હું બગીચામાં આરામ ખુરશીમાં આરામપૂર્વક બેઠી હતી. આધ્યાત્મિક શક્તિ હજુ સુધી મારી અંદર સક્રિય હતી. માંદગી હોવા છતાં હું ગૂઢ પ્રયોગો કરી શકતી હતી. મનોમય તેમ જ પ્રાણમય ભૂમિકા ઉપર એ શક્તિનું કાર્ય બહુ સારી રીતે થઈ રહ્યું હતું. મારા કાર્યનો મેં વિસ્તાર કર્યો. ફ્રાન્સ ઉપરાંત અમેરિકા તથા દુનિયાના બીજા ભાગોમાં હું મારું કાર્ય કરી શકતી હતી. મેં એ જોયું હતું કે મારા શરીર સિવાય પણ કાર્ય ચાલુ રહી શકે છે. ગમે ત્યાંથી પુકાર આવે, હું એનો પ્રત્યુત્તર આપી શકતી હતી. 'મારા શરીરની ગેરહાજરીમાં પણ કાર્ય ચાલુ રહી શકે છે' એ શબ્દો ખૂબ જ મહત્ત્વનું એવું રહસ્ય છતું કરી દે છે."

પૉલ રિશારને લશ્કરની નોકરીમાંથી મુક્તિ મળતાં લાંબી મુસાફરીનો પ્રારંભ થયો હતો. ઊગતા સૂર્યના દેશ જાપાનમાં ચાર વર્ષ ગાળ્યાં હતાં. ભારતની ગહન આધ્યાત્મિકતા તો જોકે ત્યાં મળી શકે એમ ન હતી, છતાં કુદરતી સૌંદર્ય, ઉચ્ચ રીતરિવાજો, ઘરોની સંપૂર્ણ ગોઠવણી—ભલે ભૌતિક ક્ષેત્રે પણ એ બધું ઉલ્લેખનીય હતું. જાપાનના લોકોની પ્રચંડ પ્રાણશક્તિ-કાર્યશક્તિની શ્રીમાતાજી પ્રશંસા કરતાં હતાં. એક રાષ્ટ્ર તરીકે જીવનશક્તિ ઊડીને આંખે વળગે એવી હતી. સર્વ સ્થળે, સર્વ વ્યક્તિઓની અંદર આ શક્તિ જોવા મળતી હતી. વૃદ્ધ તેમજ યુવાન, કારીગરો, સ્ત્રીઓ, બાળકો, વિદ્યાર્થીઓ બધાં જ પોતાના વ્યક્તિગત જીવનમાં એ શક્તિના અદ્‌ભુત ભંડારનું પ્રદર્શન કરતાં હતાં.

શ્રીમાતાજી જાપાનની રહેણીકરણી, પરિધાન, ફૂલોની ગોઠવણી, શાકભાજી ઊગાડવાં વગેરે સાથે અનુકૂળ થઈ ગયાં હતાં. વળી આધ્યાત્મિક ગૂઢ અનુભવો પણ થતા હતા, જાપાનની જૂની રાજધાની કોયોટોમાં તેઓ ડૉ. ઓખાટાની 'સ્થિર બેસવાની' ક્રિયા જે ભારતીય યોગવિદ્યા જેવી હતી અને રોગનિવારણમાં સહાયક હતી તેના પરિચયમાં પણ આવ્યાં હતાં (ક્રમશઃ)

'શ્રીમાતાજી સંક્ષિપ્ત જીવનચરિત્ર', છઠ્ઠી આ., પૃ.૩૫ ❑

## (૧૧) પૂજ્ય શ્રીમોટાનો સંપર્ક કરાવનાર સદ્ગત પિતાશ્રીને કોટિ પ્રણામ

ડૉ. અનિલ રાવલ

પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં આવવાનું જે સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે, તેનું શ્રેય મારા સદ્ગત પિતાશ્રી ડૉ. વાસુદેવ જગન્નાથ રાવલને જાય છે. તેઓશ્રી ગુજરાત કૉલેજ, અમદાવાદમાં અભ્યાસ કરતા હતા ત્યારે એટલે કે લગભગ સને ૧૯૪૦ના અરસામાં શ્રીમોટાના સંપર્કમાં આવ્યા હતા. શ્રીમોટા જેઓને શ્રી૧૦૮ તરીકે નવાજતા હતા, તે સ્વજન સદ્ગત રમાકાન્ત જોષીના તેઓ મિત્ર હતા. ડૉક્ટર થયા બાદ સમાજના ગરીબવર્ગ અને સાધુ-સંતોની સેવા કરવાની ભાવના સાથે વતન ઊંઝામાં જ પોતાની પ્રેક્ટિસ શરૂ કરી હતી. પોતાને ચા-નાસ્તા માટે કે જમવા માટે જે સમય કાઢવો પડે તે દરમિયાન દર્દીઓને રાહ જોવી ન પડે એ માટે તેઓશ્રી જીવનના પાછલા ચારેક દાયકા સુધી માત્ર દૂધના આહાર ઉપર રહેલા અને તે પણ દવાખાનામાં જ મંગાવી લેતા. ઘણા દર્દીઓ એ દવાખાનાને 'દુઆખાના' તરીકે જ સ્વીકારતા હતા. માત્ર દૂધના આહાર છતાં શરીર અને પ્રવૃત્તિ સારી હોવાથી તેમના સાથી ડૉક્ટર મિત્રોને પણ જરૂરી તબીબી તપાસ બાદ નવાઈ લાગતી હતી.

શ્રીમોટા સૌપ્રથમ જ્યારે અમારા નિવાસે આવ્યા હતા ત્યારની એક ઘટના મારી સ્મૃતિમાં જળવાઈ રહી છે. તે સમયે મારાં માતુશ્રી ચંદ્રકાન્તાબહેનને ફેફસામાં પાણી ભરાઈ જવાને કારણે ગંભીર રીતે બિમાર રહેતાં હતાં. તેઓની બચવાની આશા નહિવત્ હતી. શ્રીમોટાને જ્યારે આ બિમારીની જાણ થઈ ત્યારે માતુશ્રીના માથે હાથ ફેરવતાં બોલેલા કે 'ભગવાન સારું કરશે.' તે પછી એ બિમારીમાં ક્રમશઃ સુધારો થતો ગયો અને તેઓ લાંબુ આયુષ્ય પામ્યાં હતાં. ઉપરાંત તે અરસામાં લગભગ દર અઠવાડિયે વર્ષો સુધી શ્રીમોટાનો પત્ર આવતો હતો. તેમાં માતુશ્રીની તબિયતના ખબરઅંતર અચૂક પૂછતા હતા.

તે પછી ભાઈશ્રી નંદુભાઈ સાથે શ્રીમોટા અમારા નિવાસે પધાર્યા હતા. તેની કેટલીક વિગતોનો ઉલ્લેખ **'મોટાની મહત્તા'**ના પોતાના પ્રકાશનમાં શ્રી નંદુભાઈએ કરેલો છે.

મારા સદ્ગત દાદાજી જગન્નાથભાઈને શ્રીમોટાએ પ્રશ્ન પૂછેલો કે શ્રી વાસુદેવ એક પુત્ર તરીકે પિતાની કાળજી બરાબર લે છે કે નહિ ? કોઈ ફરિયાદ હોય તો પોતાને જણાવવા વિનંતી કરી હતી અને કહેલું કે, 'વાસુદેવ અમારો છે.' આ કેટલો મોટો આત્મીય સંબંધ હશે !

મારો મૅડિકલ અભ્યાસ પૂર્ણ થયો હતો એ અરસામાં શ્રીમોટાની પધરામણી અમારા ગૃહે હતી. શ્રીમોટાએ તેમનું બી.પી.માપવા મને જણાવતાં મશીનથી બી.પી. માપતાં હું પરેશાન થઈ ગયો હતો. ૨૬૦-૧૬૦ જેવું બી.પી. જોઈને મારાથી મોટાને પૂછાઈ ગયેલું કે મોટા, તમે બી.પી.ની કઈ દવા લો છો ? આટલા બી.પી.ના કારણે લકવો, બ્રેઈન હેમરેજ વગેરે બિમારીઓનો હુમલો થઈ શકે એમ મારું મૅડિકલ નોલૅજ હતું. તે સમયે મોટા સાથેનો મારો પ્રારંભિક પરિચયનો પ્રસંગ હતો. શ્રીમોટાએ મને કોઈ જવાબ આપવાને બદલે મારી સામુ સસ્મિત જોઈ રહ્યા હતા. તે પછી થોડાક સમય બાદ ફરીથી બી.પી. માપવા મને કહ્યું. બી.પી. બિલકુલ નોર્મલ હતું. આ જોઈને મેં બીજી વખત આશ્ચર્ય અનુભવ્યું.

શ્રીમોટાની એક પધરામણી સમયે તેમના

દેહમાં જે અનેક રોગ હતા તે બાબતે મૅડિસીનના અભ્યાસુ તરીકે મને મનોમન પ્રશ્ન ઊભા થતા હતા. ત્યારે શ્રીમોટાએ મને કહ્યું હતું, 'અનિલ, મારા શરીરમાં જે દર્દો છે તે મારા ભક્તોનાં છે. જે તે ભક્તોનાં દુઃખ-દર્દ દૂર કરવા માટે એ દર્દો મેં મારા શરીર ઉપર લીધાં છે' ભગવાનને આપણે કરુણના સાગર તરીકે જે બિરદાવીએ છીએ તે ગુણ શ્રીમોટામાં જોવા-જાણવાની મને તક મળી હતી.

સને ૧૯૫૦માં મારાં લગ્ન થયાં ત્યારે શ્રીમોટા માઉન્ટ આબુમાં બિરાજમાન હતા. શ્રીમોટાને પગે લાગવા—તેમના આશીર્વાદ મેળવવા માટે હું અને મારાં ધર્મપત્ની ભારતી માઉન્ટ આબુ ગયાં હતાં. શ્રીમોટાએ થોડીક જ ક્ષણો બાદ અ.સૌ. ભારતીને પ્રશ્ન કર્યો હતો કે 'આ અનિલ તને બરોબર સાચવે છે ને ?' દામ્પત્યજીવનની અને ખાસ કરીને બહેનોની મોટા કેટલી કાળજી રાખે છે તેનો થોડોક અંદાજ મને ત્યારે આવ્યો હતો. શ્રીમોટાને હું મારા વડીલ કહું, મારા હિતેચ્છક ગણું કે મારા સર્વસ્વ તરીકે સ્વીકારું તેની ખબર મને પડતી નથી. હવે તો શ્રીમોટાના સાહિત્યનું વાંચન થતાં જણાયું છે કે તેઓશ્રી હવેનો જન્મ સ્ત્રી સ્વરૂપે લેવાના છે. મારા સદ્ગત પિતાશ્રીએ દર્દીઓની સેવા કરવાની જે કેડી કંડારેલી છે તેના ઉપર ચાલવાની મારી ભાવના સતત રહે છે. ડૉ. વાસુદેવભાઈ જે. રાવલ ચૅરિટેબલ ટ્રસ્ટની રચના કરી તેના માધ્યમ દ્વારા મારી અભિલાષાઓને આકાર આપવા યથાશક્તિમતિ મારો વિનમ્રભાવે પ્રયાસ રહ્યો છે, પરંતુ તેના મૂળમાં તો શ્રીમોટાની કૃપાસહાયનો જ અનુભવ રહ્યો છે ! હરિઃૐ ❑

**(અનુસંધાન પૃ.૧૮ નું ચાલુ)**

બાપજી જ્યારે પાટડીમાં હતા ત્યારે સફેદ લુંગી, વધારેલી દાઢી અને પગ ખુલ્લા એવો એમનો વેશ હતો. હાથમાં લાકડી રાખતા. શેતરંજી ઉપર બહાર ઓસરીમાં સૂઈ રહેતા. એ વખતે બાપજી કોઈની પાસેથી પૈસો લેતા નહિ. પ્રવાસ માટે કોઈ ટિકિટ કઢાવી આપે એટલે જ્યાં જવાનું હોય ત્યાં જાય.

પાટડીના ભક્તો સાથે બાપજી સૌરાષ્ટ્રમાં યાત્રા કરવા નીકળ્યા. વાંકાનેર, પોરબંદર વગેરે સ્થળે ગયા. ત્યાં બાપજીએ એકાએક જ કહ્યું, 'મારે સમાધિ લેવાની છે', ભક્તોએ કહ્યું કે 'બાપજી હજી તો આપણો પરિચય જ નવો છે. એટલી જ વારમાં જ આપને સમાધિ લઈ લેવી છે ?' એ વખતે રેલવે મારફત જ મુસાફરી થતી. રેલવે મારફત બધા પાટડી આવ્યા. બાપજી જ્યાં ઉતરેલા ત્યાં બધાને ગોળ-સૂંઠનું ગરમ પાણી પીવડાવે. બાપજી આ પીણાને 'અમૃત' તરીકે ઓળખાવતા હતા. બાપજી દરેક ભક્તને એમની કક્ષા મુજબની સાધન-ભજનની રીત સમજાવતા.

બાપજીએ સમાધિની જે વાત કરેલી તે અંગે પછીથી ભક્તોએ દલીલ કરેલી નહિ. ભગુભાઈએ પોતાનું ખેતર બાપજીને આપવાની ભાવના વ્યક્ત કરી હતી. બાપજી એ ખેતરમાં ગયા અને સહજ પ્રેરણાથી ખેતરમાં એક સ્થળે રોકાઈ ગયા. એ જગાએ અગ્નિ પ્રગટાવીને બાપજીએ ભજન-સાધન શરૂ કર્યાં. એ જગા પર કંતાનની એક ઝૂંપડી બનાવી દિવસ-રાત ત્યાં જ રહેતા. આ રીતે એક અઠવાડિયું ધૂણી ધખાવીને સાધના કરી. એ પછી બાપજીએ ભૂમિ સમાધિની તારીખ લખીને આપી. માગસર વદ-૧૩, સને ૧૯૫૩નો ડિસેમ્બર મહિનો હતો. સમાધિ માટેની જગ્યા દર્શાવી... (ક્રમશઃ) ❑

# (૧૨) દુર્લભ-દુર્ગમ-શ્રીસદ્‌ગુરુ

(અનુષ્ટુપ)

પ્રીછવા સદ્‌ગુરુને તો તાકાત જીવની નથી,
એવી કૈં શક્યતાયે ના, છતાં બુદ્ધિ મરે મથી;
અથડાવાથી ત્યાં ખાલી કશું ના હાથ આવશે,
બાચકા ખાલી ધુમાડા તણા આવે શું હાથ જે !
પોતાનામાં સમાવે સૌ પોતાથી ઉદ્‌ભવાવતો,
પોતે સંસારનું કેંદ્ર એકમાત્ર અવ્યક્ત શું !
પોતાને એકલો માત્ર પોતે જાણી શકે જ તે,
એને સૌ જાણવાનાં તે મિથ્યા ફાંફાં જ સર્વ છે.

બાળી નાખ્યો જ સંપૂર્ણ કામને નિજ જીવને,
છતાં મા પાર્વતી સાથે રમે છે મસ્ત રંગતે;
અનંત લક્ષ્મીનો સ્વામી છતાં ચોળેલ ભસ્મ છે,
અસુર-સુરનો સ્વામી સંપૂર્ણ શિવ જ્ઞાની તે.
એવા શા એકબીજાથી ઊલટા ગુણ જીવને !
છતાં સૌ ગુણ સંગાથે એકબીજાની સાથ છે.
અનુભવી તણું એવું જીવને જાણવું રહ્યું,
સંસારીની રીતે તેવું યોગ્ય લાગતું ના કશું.

દુર્લભ મળવો એવો સદ્‌ભાગ્યે જો કદી મળે,
તો ઓળખવો એવાને મુશ્કેલ બુદ્ધિથી જ છે !
શક્યા ઓળખી એવાને, તો તે સમજવો હૃદે,
-અશક્ય શો પૂરેપૂરો ! માત્ર ભક્તિથી સાધ્ય તે.
જાણવા, માનવાથીયે ઓળખાતો કદી ન છે,
એકલી ભક્તિથી માત્ર તેમાં પ્રવેશ થાય છે;
જ્ઞાનભક્તિથી શો માત્ર પોતે તો પરખાય છે,
તેથી ઓળખવું છોડી ભક્તિ તે સાથ યોગ્ય છે.

'શ્રીસદ્‌ગુરુ', પ્ર.આ. પૃ.૬,૧૦,૧૨,૧૩ ❏

## (૧૩) નારી જીવન ધન્ય જીવન !

**શ્રીમોટા**

ભગવાને જો મને પત્નીનું જીવન આપ્યું હોત તો હું તો મારા પતિને જ, પતિમાં જ પ્રેમશ્રદ્ધા ભાવ વડે આધીન જ રહ્યાં કરું. તમારા બધાંના સંસર્ગમાં પણ તમે જોયું હશે કે આવું હું નિત્ય કર્યા કરું છું. કોઈ કહેશે કે આમ કરો તો આમ ને કોઈ તેમ કહે તો તેમ. કોઈ પણ જાતનો મારો આગ્રહ રાખવો પડે છે, તો ત્યાં દૃષ્ટિબિંદુ મારા પોતાના પૂરતું હોતું નથી, પણ પારકા પૂરતું હોય છે. માટે તેવું રહેવું પડવાની ફરજ મને પડે છે, ને ત્યાં તેમ કરવું પડે છે. બાકી તો સહુના કહ્યા પ્રમાણે જ કરું છું. એટલે તમને તો આ કાંઈ હું 'પરોપદેશે પાંડિત્યમ્'ના જેવું તો કહેતો નથી. જે પોતાના પતિને આધીન ન રહી શકે, તે ગુરુને આધીન કેમ કરીને રહી શકશે ? માણસને જો આધીન રહેવાની ટેવ પડેલી હશે તો તે તેમ રહી શકવાનું છે. સારી રીતે જાગૃતિપૂર્વક એના હેતુને ખ્યાલમાં રાખીને જ્ઞાનપૂર્વક જે આધીન થતું જાય છે, એવાનું બધું જ લય પામતું જાય છે. એવાને પછી પોતાનું એવું કશું જ રહેતું નથી. એવો જીવ સંપૂર્ણ ખાલી થતો જાય છે. ને જેમ જેમ ખાલી થતો જાય છે તેમ તેમ ત્યાં જે યોગ્ય ભરાવાનું હોય છે તે આપોઆપ પોતાની જગ્યા લેતું જ જાય છે, ને પ્રત્યક્ષ અનુભવ સાધકને થયા વિના રહેતો નથી.

જો હું કોઈની પત્ની હોઉં અને મારો પ્રેમ પાત્ર મારાથી ધારો કે બેવફાઈ કરે તો પણ હું તો તેને ચાહવાનું જ સમજું. પોતાના પ્રેમીને જેમાં તે સુખી થાય અથવા જેમાં તેને સરળતા મળે તેમાં આપણે મદદગાર થવાનું છે. જગતવ્યવહારના નીતિનિયમોના સામાન્ય ધોરણે, ધારો કે, તે યોગ્ય ન લાગતું હોય તો આપણે પોતે જ વિશેષ અશાંતિ અને દુઃખમાં પડવાનાં. વળી, આપણો એવા પ્રકારનો વિરોધ નથી કે જેથી તેની સક્રિય સીધી અસર કોઈ નીપજી શકે. એવો વિરોધ તો ઊલટું આપણને પોતાને જ હેરાન કરનારો નીવડી શકે છે. આપણે પોતે મનથી દુઃખી થઈને રડ્યા કરવું અને સામાને પણ તેવી સ્થિતિમાં આપણાથી કરી મુકાઈ જવાનું બન્યા કરે તો તે પરિસ્થિતિમાં નથી આપણને મળવાનું સુખ કે નથી તેને મળવાનું સુખ.

આપણને આઘાત લાગે છે તેનું મૂળ આપણે તપાસવું ઘટે. આપણને વિશ્વાસમાં લઈને તે (પતિ) તેમ કરે અને પોતાની આખી પરિસ્થિતિનો તે ખ્યાલ આપે અને પોતાનું દિલ અમુક પરત્વે સ્વાભાવિકપણે રહે છે, આકર્ષાય છે, માટે 'દયા કરીને મને સુખી કરવામાં તું મને મદદ આપ, પ્રોત્સાહન આપ, પ્રેરણા આપ.' એવી રીતે જો આપણને તેની હકીકતથી માહિતગાર કરે તો, જો હું પત્ની હોઉં તો, જરૂર તેને તે રીતે સુખી થવા દઉં. દુનિયાદારીનો આ રસ્તો નથી, તેની મને ખબર છે. દુનિયાદારી તો તેવાને હલકટ સમજી તેને દુઃખી જ કરવાને એકદમ તૂટી પડે. પેલી ત્રીજી વ્યક્તિને પણ જગતમાં સુખ ન મળવા દે એટલું જ નહિ, પણ તેને ખરાબ કરવાને પોતાથી બનતું બધું કરે. ધારો કે આપણે દુનિયાદારીની રીતે જ વર્તવાનું કરીએ તો પણ ઉપરની રીતે આપણે વર્તી શકીએ એમ નથી.

'લગ્ન હજો મંગલમ્', પૃ. ૯૭ થી ૯૮
સંપાદક : શ્રી સુશીલાબહેન અમીન ❑

## (૧૪) સોનાથી પણ વધુ કીમતી એક પોટલું

**રસિકલાલ વૈષ્ણવ**

"શું શા પૈસા ચાર" એવી છાપ ધરાવતી ગુજરાતી ભાષા માટે એક વિશ્વકોશ હોવો જોઈએ એવો એક ઉત્તમ વિચાર ગુજરાતમાં કોઈ શાસક યા શિક્ષણવિદ્‌ને ન આવ્યો, પરંતુ ગુજરાતને બેઠો કરવાની અનન્ય હોંશ ધરાવતા ગુજરાતના પનોતા પુત્ર અને એક કર્મઠ સંત પૂ. શ્રીમોટાના મનમાં આવ્યો. વિશ્વસમસ્તના જ્ઞાન અને વિજ્ઞાનની તમામ શાખાઓની માહિતી એક જ સ્થળે ઉપલબ્ધ થાય તેવા સર્વ સાધારણ વિશ્વકોશ (General Encycloraedia) ગુજરાતીમાં તૈયાર કરવા ગુજરાત યુનિવર્સિટીને તેમણે ૧૦ લાખ રૂપિયાનું દાન આપ્યું. ગુજરાત યુનિવર્સિટીએ આવેલ આ રકમમાંથી એક અલાયદો વિભાગ ઊભો કર્યો. વિદ્વાનો પાસે કામ પણ શરૂ કરાવડાવ્યું, પણ યુનિવર્સિટીના વહીવટદારોએ 'ઠાગાઠૈયા કરું છું ચાંચુડી ઘડાવું છું' એવું વલણ રાખ્યું. પરિણામે વરસો વીતવા છતાં તેનું કોઈ નક્કર પરિણામ ન આવ્યું.

પણ વિશ્વકોશનાં ભાગ્ય એટલાં બધાં કે એ સમયે સને ૧૯૭૮માં સાબરકાંઠા જિલ્લાના મોડાસાની કૉલેજના આચાર્યપદેથી ૧૮ વરસથી લાંબી યશસ્વી કારકિર્દી વિતાવીને ડૉ. ધીરુભાઈ ઠાકર નિવૃત્ત થઈને અમદાવાદ આવ્યા. યુનિવર્સિટીએ એમને વિશ્વકોશનું સુકાન સોંપ્યું. તેમણે એક હજાર પાનાંનો એક એવા વિશ્વકોશના ૨૦ ગ્રંથોનું આયોજન કર્યું અને યુનિવર્સિટીએ એ વખતની જનતા સરકાર પાસે ૭૫ લાખ રૂપિયાની ગ્રાન્ટ માટે દરખાસ્ત મૂકી. સરકારે લાગણીવશ થઈને તરત જ ૫૦ લાખ રૂપિયા મંજૂર પણ કર્યા, ત્યાં તો ધારાસભાની ચૂંટણી આવી અને આવેલ નવી સરકારે આ જ્ઞાનવર્ધક યોજના પર ચોકડી મૂકી દીધી. પરિણામે યુનિવર્સિટીને આ વિભાગ બંધ કરી દેવો પડ્યો અને પૂ. શ્રીમોટાના હરિઃૐ આશ્રમને દાનની રકમ, તેનું વ્યાજ અને થયેલા કામકાજનું એક પોટલું બનાવીને મોકલી આપ્યું.

પણ ગુજરાતી ભાષાના ભાગ્યને આ મંજૂર નહોતું. સાત વરસ પછી સને ૧૯૮૫માં ઑગસ્ટ માસમાં ડૉ. ધીરુભાઈ ઠાકરને વિસનગર જવાનું થયું. ત્યાં આદર્શ વિદ્યાલયના નિવૃત્ત આચાર્ય શ્રી જતીન્દ્રભાઈ આચાર્ય રહે. તેઓ અને ડૉ. ધીરુભાઈ ભૂતકાળમાં સિદ્ધપુર હાઈસ્કૂલમાં સહાધ્યાયી હતા. બંને મિત્રો રાત્રે જમીને વાતે વળગ્યા. ડૉ. ધીરુભાઈ ઠાકરના મગજમાં હજી વિશ્વકોશના વિચારો ઘુમરાયા કરતા હતા. તે વખતે વિસનગરમાં એક અગ્રણી રાજકીય તેમજ સહકારી કાર્યકર શ્રી સાંકળચંદ પટેલનું એકચક્રી શાસન હતું. તેઓ વિસનગર નાગરિક બૅંક, વિસનગર સહકારી સ્પિનિંગ મિલ, વિસનગર તાલુકા મજૂર સહકારી મંડળીના પ્રમુખ હતા. તેઓ ફક્ત સહકારી ક્ષેત્રના જ નહિ, પરંતુ શિક્ષણના પણ મોટા હિમાયતી હતા. તેઓ સ્વાતંત્ર્યસેનાની પણ હતા અને એ નાતે ડૉ. ધીરુભાઈના મિત્ર હતા. શ્રી જતીન્દ્રભાઈએ તેમને ડૉ. ધીરુભાઈના આગમનની વાત કરી. શ્રી સાંકળચંદભાઈએ બીજે દિવસે બંનેને પોતાના ત્યાં જમવાનું નિમંત્રણ આપ્યું.

તેમને ત્યાં જમતાં જમતાં વિશ્વકોશ જેવી જ્ઞાન-સાધનાની યોજના રદ થઈ ગઈ છે એના દુઃખનો ઓડકાર ડૉ. ધીરુભાઈના હૃદયમાંથી નીકળી ગયો. શ્રી સાંકળચંદભાઈ ફક્ત સાત જ ચોપડી ભણેલા હતા. વિસનગર તાલુકા મજૂર સહકારી મંડળી રોડ, બંધ તેમજ અન્ય બાંધકામોના કૉન્ટ્રેક્ટ રાખતી હતી. તેથી આ વિષયમાં તેઓ એક નિપુણ એન્જિનિયર જેટલા જ પાવરફુલ થઈ ગયા હતા; પરંતુ પુસ્તકની બાબતે તેઓ વિશ્વકોશને એક પ્રકારનો જોડણીકોશ જ છે તેવું માની બેઠેલા હતા. આજ પણ હજી ઘણા લોકો આવી જ માન્યતા ધરાવે છે. પણ તેઓ કોઠાસૂઝવાળા પટેલ હતા. ડૉ. ધીરુભાઈએ તેમને

વિશ્વકોશ બાબતે વિગતવાર વાત કરી. તેઓ ડૉ. ધીરુભાઈના કાર્યની મહત્તા સંપૂર્ણપણે સમજી ગયા. તેઓએ તેમને આ કાર્યમાં આગળ વધવા કહ્યું અને આ બાબતે આર્થિક પ્રશ્ન તમને નહિ નડે તેની હૃદયપૂર્વકની ખાતરી આપી. ડૉ. ધીરુભાઈએ તેમને કહ્યું કે આખાયે આ પ્રોજેક્ટમાં તેમને રૂપિયા એક કરોડની જરૂર પડશે. શ્રી સાંકળચંદભાઈએ તેમને ધરપત આપી અને કહ્યું કે ચિંતા ન કરો. અત્યારે હું તમને ૧૩ લાખ રૂપિયા મોકલી આપું છું. પછી જેમ જેમ જરૂર પડતી જાય તેમ તેમ તમે રકમ મંગાવતા રહેજો.

આના પરિણામે ડૉ. ધીરુભાઈએ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના કરી. ટ્રસ્ટના પ્રમુખ તરીકે શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈની વરણી કરી. સારી વહીવટી સૂઝ ધરાવતા લેખક ડૉ. કુમારપાળ દેસાઈને ટ્રસ્ટી તેમજ વહીવટમાં સામેલ કર્યા. પછી દાનવીર શ્રી દીપચંદભાઈ ગાર્ડીને પણ ટ્રસ્ટી તરીકે સામેલ કર્યા. અમદાવાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત એચ. એલ. કૉમર્સ કૉલેજની હૉસ્ટેલના કંપાઉન્ડમાં તેનું ભોજનાલય બંધ હાલતમાં પડ્યું હતું. સોસાયટીએ વિશ્વકોશ ટ્રસ્ટને આ જગ્યા વગર ભાડે વાપરવા આપી. આ જગ્યાને કાર્યાલયમાં રૂપાંતરિત કરવાની છે એની જાણ ડૉ. ધીરુભાઈએ વિસનગર શ્રી સાંકળચંદભાઈને કરી. તેઓ બીજે જ દિવસે ટ્રકમાં માલસામાન તેમજ મજૂરોને લઈને અમદાવાદ પહોંચી ગયા અને રસોડામાં ચૂલાઓ વગેરેને પૂરી દઈને તેમજ સાફસૂફી કરીને રસોડાને સંપૂર્ણ કાર્યાલયનો ઓપ આપી દીધો અને તેમને હૂંફ આપીને કહેતા ગયા કે હજી કોઈ બીજી સગવડની જરૂર પડે તો મને નિઃસંકોચપણે જરૂરથી જાણ કરશો.

પૈસા તેમજ કાર્યાલયની વ્યવસ્થા ગોઠવાઈ ગઈ, પરંતુ હવે ડૉ. ધીરુભાઈએ ગુજરાત યુનિવર્સિટીમાં શરૂઆતમાં વિશ્વકોશના કરેલા કામનું પોટલું ક્યાં છે તેની ભાળ મેળવવાનો વિચાર કર્યો. ગુજરાત યુનિવર્સિટીને પૂછ્યું તો એ કહે કે અમે તો દાનની રકમ સાથે એ પોટલું પણ પૂ.શ્રીમોટાના હરિઃૐ આશ્રમ નડિયાદને મોકલી આપ્યું છે. નડિયાદ જઈને આશ્રમના ટ્રસ્ટી શ્રી નંદુભાઈ શાહને પૂછ્યું તો એ કહે કે એ પોટલું તો અમદાવાદ તેમના પુત્રને ત્યાં છે. તેમના પુત્રને મળતાં તેમણે કહ્યું કે આવું સાહિત્યનું પોટલું તો મારે કશાય કામનું ન લાગ્યું, તેથી તે પોટલું મેં ગુજરાત સાહિત્ય પરિષદને મોકલી આપ્યું છે. ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યકરોને લાગ્યું કે આ પોટલું પરિષદને કશાય કામનું નથી, પરંતુ ગૂજરાત વિદ્યાપીઠ જોડણીકોશનું કામ કરે છે તેથી તેમને ખપ લાગશે એમ માનીને તે પોટલું ગૂજરાત વિદ્યાપીઠને પહોંચાડ્યું અને ડૉ. ધીરુભાઈ ઠાકર તો પહોંચ્યા ગૂજરાત વિદ્યાપીઠે. ત્યાં ગ્રંથાલયમાં તપાસ કરી તો શોધખોળને અંતે એક પટાવાળાએ કહ્યું કે ભોંયરામાં નીચે એક પોટલું પડ્યું છે ખરું. એ જાણે ડૉ. ધીરુભાઈની રાહ જોઈ રહ્યું હતું. દોઢ પોણા બે વર્ષની જહેમત પછી મોટી રઝળપાટને અંતે અલી બાબાના ખજાનાની શોધ પૂર્ણ થઈ અને પોટલું મળ્યું ત્યારે તેને રિક્ષામાં મૂકીને તેઓ ગુજરાત વિશ્વકોશ કાર્યાલયે લઈ ગયા ત્યારે ડૉ. ધીરુભાઈએ નિરાંતનો શ્વાસ લીધો.ડૉ. ધીરુભાઈને મન આ પોટલું સોનાથી પણ અધિક હતું. પોટલાના કાગળોના આયોજન પ્રમાણે કુલ ૨૦ ગ્રંથો રચવાનું આયોજન હતું, પરંતુ કાર્યાલયમાં જ્યારે કામકાજ શરૂ કર્યું ત્યારે ૨૦ને બદલે ૨૫ ગ્રંથોનું આયોજન થયું. જે બધા કોશો પૂર્ણ પણ થઈ ગયા અને અત્યારે તે ગ્રંથોની બીજી આવૃત્તિનું કામ ઉસ્માનપુરામાં આવેલા વિશ્વકોશના પોતાના ભવ્ય મકાનમાં તેમની ગેરહાજરીમાં ધમધોકાર ચાલી રહ્યું છે.

ડૉ. ધીરુભાઈ ઠાકર તા.૨૪-૧-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા અને ભારત સરકારે તા.૨૬-૧-૨૦૧૬ના રોજ તેમને પદ્મભૂષણ ઍવૉર્ડ મરણોત્તર એનાયત કર્યો. આમેયે પોતાની મહાન હસ્તીઓને તેમના જીવન દરમિયાન નવાજવામાં ભારતીયો મોડા જ પડે છે ને !

'અખંડ આનંદ', મે, ૨૦૧૭માંથી સાભાર... ❑



## કર્તાભાવ વગરનું કર્મ

શરીરથી ક્યાંય આવવા જવાની વાત જ નથી. સંન્યાસ ચિત્તનો વિષય છે, દેહનો નથી. સંન્યસ્ત ચિત્ત સર્વથા, સર્વદા, સર્વ વિશે નિઃસંગ હોય છે. અમારો અભિપ્રાય ચિત્તના સંન્યાસનો હતો.

શરીરે નૈષ્કર્મ્ય સિદ્ધ થવું ઘટે. એટલે કે દેહધર્મ અતિરિક્ત કોઈ પણ ક્રિયા-કર્મ ન કરીએ તોયે સાવધાન સંતુલિત અવસ્થા અભંગ રહે. વિદ્યાધ્યયન, લેખન કે સંતવાણીનું શ્રવણ પણ બુદ્ધિ માટે આલંબન ન બને...

વિચારમુક્ત, શબ્દમુક્ત ચેતનાનો આયામ બને. કર્તાભાવ વગરનું કર્મ થાય તે જોવું.

- વિમલા ઠકાર

*'ધન્વન્તરિની સ્નેહવર્ષા', પ્ર. આ., પૃ. ૧૮*

**HARIBHAV, AUGUST - 2017**
"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



## હવે દૂરથી દર્શન કરજો

'હવેથી પગ ઉપર માથું રાખીને કોઈને પ્રણામ ન કરવા દેશો. એમ કરવાથી એમના બધાં પાપો મારામાં પ્રવેશે છે તેથી મારા પગમાં બળતરા થાય છે અને તરત મારે પગ ધોઈ નાખવા પડે છે. એટલા માટે તો શરીરમાં રોગ થાય છે. દૂરથી પ્રણામ કરવાનું કહેજો.'

'હવે હું કોઈનો દોષ જોઈ કે સાંભળી શકતી નથી. જેનું જેવું પ્રારબ્ધ કર્મ, તેવું તે ભોગવશે. પણ જ્યાં ઊંડો ઘા સહેવો પડત ત્યાં માત્ર એક સોય ભોંકાશે.'

- શ્રીમા શારદાદેવી

*'શ્રીમા શારદાદેવી', બી, આ., પૃ. ૨૬૮*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com